નેણ, કુંવર નહી શારૂરે. એશું તાત તાહારાને વેર છે, તુને વારૂરે શુણિ રીશે રાતાં થાએ નેણ, કુંવર નહી શારૂરે. ૧ એ તુને કોણે શીખવ્યું, તુને. રાજા શુણશે તો થાશે વીનાશ. કુંવ. દઇતને દેવશું વેર છે, તુને. નામ લેતામાં લાગે હુતાશ. કુંવ. ૨ જાણું અજાણું કહિશમાં તુને ક્રોધ કરશે તુજ તાત. કુંવર. આગલથી એટલું કહી તુને ફરી મુખથી ન કહાડીશ વાત. કુંવર. ૩ અસુર તણે કુલ ઉપનો. તુને કાંહાંથી શીખો પર પક્ષ. કુંવર. તારા તાતનો શતરૂ શ્રી રામ છે. તુને. તેના નામનો લાધો લખ. કુંવર. ૪ વેરીનું નામ ન લીજીએ. તુને શતરૂ નમાવવું શીશ કુંવ તારો પીતા જો જાણશે તુને, તો રૈરવ કરશે રીશ. કુંવ. ૫ અજાણું કામ ન કીજીએ. તુને. કારમો થાશે કલેશ. કુંવ. બાપથી મનમાં બીજીએ, તુને જેથી સાંભલે સરવે દેશ કુંવ. ૬ આગલથી આદર કરી, તુને. હવે એનું મ લેશો નામ કુંવ. તારા તાતને કોણ કેહેવાય નહીં તુને. જો સાંભળે તો મારે ઠામ. કુંવ તુતો બાળકે કાંઇ જાણે નહીં; તુને, કહો દઇત તણો કુલ ધરમ. કુંવ. બુધિ વીના શુધી શી પડે, તુને. વણ જાણે ન કીજીએ કરમ. કુંવ. ૮ બેઠો તાત શતરૂને શુ ભજે, તુને તુતો ઉપનો કુલ અંગાર. કુંવ. કોઇ કપટીએ તુને શીખવ્યું. તુને. રહો એજ કરછ ઉપાય. કુંવ. ૯ એતો કોક પાખંડીએ પ્રીછવો, તુને કોણ મલીઓ તે લોભીઓ લાંઠ કુંવ. તે ફરથી ડુંગર દાખવા. તુને. તેનિ ઝરડાને બાંધી ગાંઠ. કુંવ. ૧૦ તારા તાતથી કોઇ આકરૂં નથી, તુને બીજુ ભજન કરે શાને માટ. કુંવ. એનિ કિરતી વ્યાપી છે ત્રઇલોકની તુને. એથી અદકેરી બોલછ આટ કુંવ. ૧૧ એને મુકાને વીષ્ણુને વલગમાં તુને. જેણે મારો બાંધવ તુજ તાત. કુંવતે સાથે સ્નેહ તારે કેમ ઘટે. તુને હસશે દાનવનાત. કુંવ ૧૨ એવુ જાણી એને ઓલગે. તુને. બાધો વંશ લજાવણ વીર કુંવ તારો તાત તુજપર કોપશે; તુને. તારી માતા નયણે ભરે નીર. કું વ. ૧૩ વૈરિ શું વાહાલ નવ કીજીએ, તુને. ગુરૂને શીર પડે ત્રાશ. કુંવ હુતો બાલક જાણીને વાહાલ કરૂં. તુને. ફરી રાંમ કહેતો કરૂં રોશ. કુંવ ૧૪ પેરે પેરે કરી પ્રીછવ્યુ, તુને. એનો ફરી ના કરીશ કોડ. કુંવર. અમે કુલ ગુરૂ તારા તાતના, તુને, હવે ફરી વદીશ માં હોડ. કુંવ. ૧૫

પુરવછાઓ. વીગ્રે વારો કુંવરને, ભજતાં શ્રી ભગવાન; વલી વચન બાલક કેહે, શુધા શુધારશ પાંન. ૧૬ કડવાં. ૨૩

લણ પછે બોલા તે મુનિવર વાતજી, સાંભલ રાજા તે પ્રભુજીની ખ્યાતજી; બાલક બોલો તે ગુરૂજી શંઘાતજી. ૧ ઉથલો.

ગુરૂજી સાથે બાલક બોલો, વચન વારૂં નવ કરે, અસુરને કુલ ઉપનો, પણ પ્રીત પ્રભુજી સાથે ધરે. ૨ રાગ ચોપાઇ.

એણીપેરે ગુરૂજી વીવ વિધ ભાતે, વચન કહિને વારોરે; તો

પ્રગટ્યો કુંવર અસુરના કુલમાં. ૧ ભણે ભણા-
વે કકા કી ક આ, બારાખડી બોલાવેરે જેટલા અક્ષર રામ વિ-
નાતે, દેખી શીશ ડોલાવેરે. પ્રભુ૦ ૨ જેજે વીદ્યા વીપ્ર ભણાવે.
તેતો જાણે જુઠીરે; રામનામ વીના વેણ શુણાવે, તે ઉપરરે રૂઠી.
પ્રભુ૦ ૩ એમ ઘડી મેહેલે નહિ મુખથી, રંગ રામશુ લાગોરે; અ-
સુર રાયની બીક ન રાખે, મરણ તણો ભે ભાગો. પ્રભુ૦ ૪ રાત
દીવશ શ્રી વરને શમરે, બીજી વાત ન જાણુરે, અધ્યારૂની અવળી
વિદ્યા દસતી મેલી ટાંણે. પ્રભુ૦ ૫ વલતો ગુરૂજી મનમાં કોપ્યો આ
બાલક મત થોડીરે, લંપટ લીધી વાત ન મુકે, શું કરીએ શીર
ફોડી. પ્રભુ૦ ૬ છડી છીમડીથી નવ છલીઓ, રાંમ તણો રંગ ભી-
નોરે, ભમર ચડાવી ભે દેખાડો, તો બાલક નવ બીનો; પ્રભુ૦ ૭
ક્ષણું બીજે ત્રીજે નિજ લઇને, શો વાતે સમજાવેરે. અસુરતણા ગુ-
રૂની અરભકને, મનમાં વાત ન ભાવે. પ્રભુ૦ ૮ કે કઈ વાતે ભય
ઉપજાવે, બાલક ધ્યાન ન ચુકેરે, દેહ ઉપર સુખ દુઃખ દેખે પણ; મુ-
ખથી રામ ન મુકે. પ્રભુ૦ ૯ એમ કરતાં કેટલા દીન વીતા, દઇત
પ્રતે તવ જાણુરે, કુંવર નીશાલે વિદ્યા શીખ્યો, સાંભળવા ચીત
આણ્યું. પ્રભુ૦ ૧૦ વલતો અનુચર એક અચાનક, આ એવા ગુરૂને
દરબારે. ભરી સભામાં ભુપતિ બેઠો, તેડી પુત્ર પધારો. પ્રભુ૦ ૧૧
તવ પ્રલ્હાદ પ્રતે ગુરૂજી બોલ્યા, સુણ શીખામણ માહારિરે, ચાલ
પીતા તેડે છે તુજને, બોલો વાત વીચારી. પ્રભુ૦ ૧૨ ટાંણે કહુછું
તાંહાંછે બાળક, સ્થાનક ચતુર થયાનુરે, જે વીદ્યા સુજને સંભ-
ળાવી, તે નહી કામ કહાનું પ્રભુ૦ ૧૩ પછે બાળક ગુરૂ સાથે બોલ્યો,
સ્વામી કહુછું સાચુરે, માહારે પ્રીત પ્રભુશુ બાંધી, જણ જણને
નહી જાચું પ્રભુ૦ ૧૪ તાર પછે મારગ પરવરીઆ, ગુરૂજી શીશ
બે સાથેરે, રાજકુમાર વીચારિ મનમાં, હરિજન ધરિઓ હાથે. પ્રભુ૦
૧૫ પંથ વીખે પ્રલ્હાદે પલતાં, કીરતન કંઠ પ્રકાશેરે, કેવલ નામ
જપે કેશવનુ, જે સુણતાં અંધક નાશે. પ્રભુ૦ ૧૬ ગરૂડા રૂઢ ગદા-
ધર શ્રીવર, શંખ ચક્ર ગદાધારીરે, દામોદર સુંદર ગુણ મંદર; સ્વ-
જન સંકટહારી. પ્રભુ૦ ૧૭ માધવ મધુસુદન મોહન, નારાયણ
અવીનાશીરે, જય જગદીશ જનારદન અચ્યુઅત; વિઠલ વઇકુંઠ-
વાશી. પ્રભુ૦ ૧૮ વાસુદેવ વીશ્વંભર વીશ્ણુ, સંકરષણ શુભકારીરે;
કમલાનાથ કમલદલ લોચન, પુરણાનંદ મોરારી, પ્રભુ. ૧૯ એમ
સ્તવન તુળશીવર કેરં, પંથ વીખે પ્રકાશેરે. તારે પ્રથમ ગુરૂ તેડી
ગયા, બાળક માતા પાશે. પ્રભુ૦ ૨૦ જઇ ગુરૂજી બોલ્યા મુખે વાણી,
રાણી પુત્ર તમારોરે, જાણું અજાણું મુખથી બોલે, કાંઇક વાતે વારો.
પ્રભુ૦ ૨૧ જો રાજાએ વેણ શુણે તો, હણે અચાનક એનેરે; અમને
અલવે અપજશ બેશે, કહ્યા દુઃખ કહિએ કેને પ્રભુ૦ ૨૨ વિધ વિધ
વાતે વારિ જોયો. કુંવર કહ્યું નવ માનેરે; સુતને કાંઇક દીઓ શી-

રામતણી રઢ લાગીરે; પરમારથને પંથે ચાલ્યા, ત્રણ જગતના-
ગી. પ્રભુ૦ ૨૪ પુરવ છાયો. પરમારથાંના પંથમા, પરવરે
પ્રહ્લાદ; રઢ લાગી શ્રી રામશું, તે કરે સાર સવાદ. ૨૫ ઉ
થલો. કરે સાર સંવાદરે, શ્રી શુકજી વાણી વદે, તે તુજને
આડી કહું, તે રાજા મન ધરજે રૂદે. ૨૬ કડવાં. ૨૪ વલણ.
પછે વળી બોલા તે શ્રી રૂશીરાયજી, સાંભળ રાજા તે કહું મ
હીમાયજી, જેને સુણતાં તે સંકટ જાયજી. ૧ ઉથલો. જેને
સુણતાં જાય સકષ્ટ, થાય દુઃખનો નાશ, માતા વારે કુંવરને, તે ક
હું વચન પ્રકાશ. ૨ કુંવર રૂપે કોડામણા, લાડકડા લઘુ વેશ; તેને
માતા પ્રીછવે રઢ મેલવા ઉપદેશ. ૩ રાગ પુરબી. પછે પુ
ત્રને માતા પ્રીછવે; તુતો શતરૂનું શમરણ શું લવે, એવું વલીતે
બોલીશમાં હવે. રઢ મેલોની કુંવર કોડામણા ૧ તુને કોણે કેવું શી
ખવું, નામ વેરીનું તુજને વાલું હતું; નથી અસુરના કુલમાં કહા
જેવું. રઢ૦ ૨ તારે હાથે ધાલુ હેમ શાંકલાં, તુને જામા પેરાવું જ
લમલા; તાહારાં વીધન રેજો વીરા વેગલાં. રઢ૦ ૩ તારે ભુષણુ
નિત નવી ભાતના, જાણે રતન ઝબુકે રાતના, તારે અંબર જુ-
જવી જાતનાં રઢ૦ ૪ તુને જમાડું ખાજા જલેબડી આપું ખાવું
તે શાકર શેલડી; તારે તબોલ નાગર વેલડો રઢ૦ ૫ તારે ગુજે તે
ધાલુ લાડવા લીલો પોંક મગાવું પાડવા, તુને પાલખી મેલું પો-
હોંચાડવા રઢ૦ ૬ તારે ચઢવાને તેજી તરવાર, રાતા ધોલાને કાલા
કાબરા; મેઘ વરણા પવન વેગી ખરા રઢ૦ ૭ તારે બેશવા મેઘલ
મલપતા, મેઘાડંમર શીરપર ઢલકતા; તારે તોરણ રત્ન મોતી લતા
રઢ૦ ૮ તારે સઈન્યા તણી સંખ્યા નથી, હુ તો અબલા તે નવ જા
ણું કથી; શતકોટીક રથના શારથી, રઢ૦ ૯ તારે શક થકી રિધ
સીધ ઘણી, તારે તુન નથી નવનીધતણી, તાત તારોછે શરવમાંશી
રોમણી. રઢ૦ ૧૦ તારે રેહેવાને મંદીર માલીઆં. રૂડાં રત્ન કરે
અજવાલીઆં, ચોક બારીને છજા ગોખ જાલીઆં રઢ૦ ૧૧ તારે
બારે પરજન્ય પાણી ભરે, વાયુ વાયને વાશીદાં કરે અજન શી-
જવી અગની આગળ ધરે. રઢ૦ ૧૨ તારે વાડી અનોપમ આગ-
ણે, જેને કલ્પ તરોવર શો ભણે. એવાં સુખ સંપત ઘેર આપણે.
રઢ૦ ૧૩ તારે ત્રણ ભુવનનું રાજ છે, તારે ઘેર ઘણેરાં કાજ છે, ચ
ઉદ લોકમાં તારી લાજછે રઢ૦ ૧૪ તારા તાતનો શબલો ત્રાશ છે,
દીગપાલ તો જાણીએ દાશ છે, તારે ત્રીભુવન ગામને ગ્રાસછે; રઢ
૧૫ તારા તાતથી દેવ નાશી છપા, ગીરી ગવ્હર પરવતમાં લપા;
કઇક ભુપતી ખડતાલે ખપા. રઢ૦ ૧૬ રેહે વધકુંઠપતી પણ વેગ-
લો, ગયો બોલવા તારે નવ મલો, ક્ષીર સાગરમાં નાશી પણો.
રઢ૦ ૧૭ એને બ્રમા ન વારી શકે સુખે, તપ કરવા ગયા દુખે શં
ભુ કૈલાશે શુધ રહા સુખે. રઢ૦ ૧૮ આજ શુધી તું પોહડતો પા

જ માતા મુખ ઉપર કર ફેરવે, રંજ રક્ષા કરે ભરી દેવરે; માથે મોતીડાંની મહેલ ૨૯૦ ૨૦ તારા તાતનિ હજી લગે હાક છે, તપ ધરણુગગન લગે ધોકછે, તારે અદકેરો શું અભાલાખ છે. ૨૯ ૨૧ તારે જેરે જોઇએ તે માગની; પણ નામ નારાયણ ત્યાગની તું તો, ગુરૂજીને ચરણેલાગજી ૨૯૦ ૨૨ તારો તાત જો વાયક સાંભલે તો પાવકની પેરે પરજલે, તારે કુંવર તમારૂં કારણકળે ૨૯૦ ૨૩ જેને વઇકુંઠ નાથશું વેર છે; તેની આંખે હલાહલ ઝેરછે, તારે રીધી સીધ સઘલી ઘેર છે. ૨૯૦ ૨૪ તુને વારે વારે શુત વીનવું, ફરી મુખથી બોલીશ માં હેવું; રામ કેહેતામાં નાપજશે નવું. ૨૯૦ ૨૫ પુરવ છાઓ. ૨૯ મેલો કાલા કુંવર, માતા કેહે તું માન, દઇતરાય શ્રવણે સુણેનો, કોપે શાનર સમાન. ૨૬ કડવાં. ૨૫ વલણ

વલી વલી બોલા તે મુનીવર દેવજી, અંભળ રાજા તે પરમ અવેવજી, ભગત ન મુકે દેવ ભજનની દેવજી. ૧ ઉથલો.

ભગત ન મુકે દેવ ભજનની, એટલો લાગોલક્ષ, માતા સાથે પુત્ર બોલો વરણવે પ્રભુજીની પક્ષ. ૨ રાગ રામથી. પછે પુત્ર કેહે કરજોડારે મા, આગે માનુનીને મત થોડારે મા; એવાં કડવાં વચન કેમ બોલોરે મા. બીજું કોણ છે શ્રી રામજીને તોલેરે મા. ૧ મુને વિષ્ણુ જેવું કોય નથી વાલુંરે મા, બાજું બોલવું ગમે નહી ઠાલું. રે મા. મુને તાતનો ત્રાશ દેખાડોરે મા તેનું સરજુ તે સાથે શરાઠેરે મા. ૨ હુતો જુગમાં જાંહાં લગે જીવુંરે મા. મારે મરણ થકે નથી બીવુંરે માં, હુને રામ તણો રંગ લાગોરે મા. મારે મરણ તણો લે ભાગોરે મા ૩ હુતો લીધાં કરૂં રામ નામ નીરમલાંરેમા. મારે એજ હીરાને હેમ શાંકલાંરેમા. મારે શ્રીહરી રૂડીઆમાંરે મા, મારે એજ જલેહલત જામાંરે મા. ૪ હુતો રામ નામ શમરૂ ઘડી ઘડાંરેમાં મારે એજ પછેડીને પામીરેમા હું તો લક્ષમીપતીશું હીંડુ લોભતોરેમા, મારે એજ મુગટ શીર શોભતોરે મા. ૫ હું તો ગુણ ગાવું ગોવીંદ ગોપાલરે મા મારે એજ મોતીડાની માલરે મા, મારે દીન બંધુશું બાંધી બેલડીરે મા. ણારે એજ શાકરને શેલડીરેમા. ૬ થારે નામ નારાયણ ગાવુંરે મા મારે એજ અનોપમ ખાવુંરે મા; હું તો રામ નામ જપુ ઝાઝાંરે મ, મારો એજ ઘેવરને ખાજાંરે મા. ૭ હું તો ભજનમાં ભુલ ન પાડુંરે મા મારે એજ જલેબીને લાડુરે મા. મેતો પ્રભુજીના નામ લીધાં લખીરે મા. મારે એજ કનક રથ પાલખીરે મા. ૮ મારે જાહાં લગ શ્રીવર સાથીરે મા. મારે એજ હેમરને હાથીરે મા મેતો રામ નામ રૂદેથી નવ ટાલીઉંરે મા, મારે એજ મેડી ગોખ જાલીઉંરે મા. ૧૦ હું તો રામજીના નામ જપું દાડીરે મા, મારે એજ અનોપમ વાડીરે મા, વારે જાતાં વેહેવારીઆને હાંટેરે મા, વજર મારૂં કોણ મુજે હામ મારેરે મા. ૧૧ દશ અગ્નતનો હાથમાંથી

વીશારિરે મા, બીજી વાત ગમે નહિ મુને ॥ારર મા. ૧૨ રામ સંધાને રઠ લાગીરે મા, મારો ત્રાશ ગયો છે સરવ ભાગીરે મા, મુને રામ સ્વરૂપી રતન લાધુરે મા, તેમાં નીશચલ થઇ મન બાધુરે મા. ૧૩ હું તો રામજીનું નામ ન મેલુરે મા, મારે એજ વચન છે છેલુંરે મા. ૧૪ પુરવછાઓ એજ વચન છે છેલું-રે, માતા કહું સાચું માન; મેલુ નહી ભગવત ભજન, અવર શુણું નહી કાન. ૧૫ તે રશના વીખ વીલરી, જેણે ન ભજા રામ; કરણ ધરણ પર શરપ ધરી, વીના શ્રવણ હરી નામ ૧૬ કડવાં ૨૬ વલણ. વલતા બોલાતે તું બરપાણજી, શાંભળી રાજા તે ચતુરસુજાણજી. કહું હરજનનાં વચન વખાણેજી. ઉથલો. સાંભળરાજા વચન સુંદર, જેચવે હરીજન, તેજ માંડી કહું તુજને, થાએ પ્રફુલીત મન. ૨ એવું કેહેતાં ભુપતઆવો, મંદીરમાં તતકાલ. દવાર શનમુખ નીકટ બેઠો, દરશટે દિઠો બાલ. ૩ પાશે તેડીને રૂદે ભીડો શીશ મેલો હાથ. વાહાલી વોદાશી ભણો, કહે પુત્ર પુછે તાત. ૪ રાગ ચોપાઇ. પછે બોલાઓ બાલ ભુપાલ ભણી, કહું વાત તે વાલેરી વિદ્યા તણી. મેતો થાપોઓ શીશ શ્રીરામ ધણી, બીજો નહીં ભજું વૈકુંઠ નાથ વીના. ૧ મુને અધારૂ વીદા અનેક કહે મારૂં તે ભણુતાં ચીત ક્ષાણું ન રહે. મારૂં ચીત ગોવીંદને ચરણે રહે. બીજો ૨ મારે શરણે રેવું રશીકેશ તણે, તરવો ભવસાગર ભકતીપણે. પરપંચ વિદ્યા મારે કાણ ભણે બીજો ૩ હું તો ત્રણે માંહે પંચમા ભુત ગણું, વાલું માંડું તે આગલ માયા તણું. મુને તે ભણતાં ભેએ લાગે ઘણું. બીજો ૪ કહું એ-ગણુ પડા આનુ કરમ કથી, જેના મોટા મુનીવર થાકા મથી. તેનો અસુર કુલને અધીકાર નથી. બીજો ૫ જે કોઇ કને વિદાલે વીટાઇ રહા, મમા મોહના મોદીક તેણે શહા. તેના વેદ પુરાણમાં ભેદ કહા. બીજો ૬ હું તો સૈંરાંણી સ્નેહ ન રાખું કદા, પાછી વાલી કુંડાલીને લોપે તદા. ઢાંણે ઢોકલે ધ્રાહી રહો છો સદા. બીજો. ૭ મેતો એન એન ભાઆ અનેક કહા, બીજા ભાવના ગુણ ન જાએ ગણા. થાએ શતરૂને મીત્ર એ માએ જણા બીજો ૮ મેતો અધ મૈં કૈં કે વાર લખા, મેતો આણ વગડને ઓલખા. એમ હરી રહા મારી કરશે રક્ષા. બીજો ૯ લલીતર વીખ કાટેલનું જેલ લહુ, લલા સુતાં શાપલાથી દુર રહુ શાને અંગશરા શીર ભાર વહું બીજો. ૧૦ આદી ક્ષત વરણમાંહી એજ વશે, વલગો નથી ને અલગો નવ ખશે, એની વાત ન જાણે ને હાથ ધશે બીજો. ૧૧ સંસારમાં સાર છે નામ હરી, એકા દેહ વિના ન જપાએ ફરી, તેવુ વાત રૂદેમાં નીશચે કરી. બીજો. ૧૨ માટે જીવનપ્રાણ ગોપાલ સહી; જુગમાંહી જીવું જગદીશ કહી. કમલાવરશું લે લાગી રહી. ૧૩ હરી નામ જપું દીન રાત સુખે, આંહી લોક ક-

..ન તણા. ... ..ના કરે, અન્ય વાતમાં જીવ તેનો નવ ઠરે. તેણે મન માહારૂ હરી ચરણે ફરે. બીજો ૧૫ સુતે બોલુ ગોવીંદ વીના ન ગમે, મારૂં ચીત મુકુંદને ચરણે નમે, મન સુંદરશ્યામને ચરણે ભમે. બીજો ૧૬ પરાક્રમ શું પુરણ પ્રીત કરિ, શમરૂ પુરૂષોતમ પ્રેમ ધરી, પડવું ન પડે ભવ માંહે ફરી. બીજો ૧૭ સચીદાનંદ દેવ સંમસ્ત પતા, જેની શક વીરંચી ન જાણે રતિ. તેના ચરણુને ચરણ છે માહારી મતી. બીજો ૧૮ ગુરૂ તાત તમારે હું લાગું પગે તજું નહીં પ્રભુને અવશાન લગે, મારે વારતા એજ પડિ છે અગે. બીજો ૧૯ પુરવ છાઓ. ન ભજું વૈકુંઠ નાથ વણા, અવર પુરૂષનું નામ, એટલી વીદા શકલતે, કોઅ ન આવે કામ. ૨૦ કડવાં ૨૭ વલણ વલી વલી બોલા તે મુનીવર વાતજી, સાંભલ રાજા તે કહું વિખ્યાતજી; કોપે સુત પર અસુર અધાતજી ૧ ઉથલો. કોપો સુતપરઅશુર અદભુત, શુણી વીષ્ણુનાં વખાણ, રકત લોચન થઓ ભુપત, વચન લાગાં બાણ. ૩ અમારૂ પર કાપ કીધો હેઠે પછાડા હસ્ત; કોણે મારા કુંવરને, આ કાહાવી વસ્ત સમસ્ત. ૩ મલો કો એક દુશ્ટ દુશ્મન, જેને મુજપર દવેશ શીખવી પરપચ વીદા ધરી બ્રામણ વેશ. મુલ એજ સ્વભાવ બાલક જે શુણે તેની ગત ગાએ, પેર કશી પ્રીછે નહી શ્યો તે તણો અન્યાએ ૫ વાંક ચાડવ તન તણો, જે કરૂં નહીં જુગતે જતન જુઓ વીમાશી મન વીખે, રેહુ તે કેમ રેહે રતન. ૬ હવે નિશાલે જાઓ તેડી, ભણાવો બહુ ભાત. શુત સોંપુ હાથ રાખો. રખોપું દીન રાત ૭ શીખવો વીદ્યા એવી, જે પ્રાણ થાય પ્રસન વીશારે હમણાં કહું, જે વજ વેણ વચન. ૮ ઉ-થલો વજર સરખાં વેણરે. આ બાલક બોલો મુખ થકી, ૯ વલતા ગુરૂજી હાથ ઝાલી, શાથ રાખો બાલ આવિઆ તેડી તર-ત, નિજ ભુવન મધ્ય નોશાલ. ૧૦ કોધ આણી વદ વાંણી, બેશ માહારી પાશ, ભજીશમાં ભુલો થકો. હવે આજથી અવીનાશ. ૧૧ ઉથલો આજથી અવાનાશરે, ભજીશનાં ભુલો ફરી; પછે ગુરૂજી શું બોલ બોલો, જુગલ કર કરજોડી કરી ૧૨ રાગ ચો-પાઇ પેરે પેરે વીપ્રે વારો, પ્રીછવીઓ પ્રહ્હાદ. બેહુ કરજોડી બાલક બોલો, ગુરૂજી શું ઘાલો વાદ; રૂડા રામને મુકી બીજાને કેમ ભજીએ ૧૩ આ જુગમાં અવતરવું મરવું, કરવું પુનને નવા નવા દેહ નીશચે ધરવા, કહાં મુલ મા બાપ રૂડા ૧૪ ગુરૂ-જી વચન કરો થેગલુ, હું પરજલું તે દુખ થકી, જોતાં જીવ તણી નવ લાધે, આદ અંતને મધરે, લખ ચોરાશી ફેરા ફરતા, જુગમાં જુના જંત રૂડા. ૧૫ નાહના મોટા રૂપ રંગડા, પશુ પક્ષી નર નાર: જરા મરણને કોઅ નવ ઝીતો, દૈવ તણો દરબાર. રૂડા. ૧૬ આચાહકને જુગને પાધે, પ્રેન કરી ખર જેહ, પુન ઘટે પ્રથવીપર

... ૨૮ તેહ. રૂડા. ૧૭ દેવ લોક ધરણુ શ્રાએ ધમાઠ, કુડાં કરમ કરે જે નર જી, ફેડે ચડાને પાર, રૂડા ૧૮ ત્યાંથી શકલ જગતમાં ભ કે, સરજે કીટ પતંગ; દેવ તણુ દરશન પણ દુરલભ, કહાં ભેટે ભગવંત રૂડાં ૧૯ ઉચાં કરમ કરે જે પ્રાણી, પાંમે બ્રમ વેમાન, મોક્ષ પદારથ તેને દુરલભ, વીનો ભગતા ભગવા. રૂડા ૨૦ કાલ પંડે શીર ન પડે કલક્ષણ લક્ષણ ખુટે જે તેણુ, અંતકાલ અવશાન શમેમાં, શાહે કરે તે કોણ રૂડા ૨૧ ત્રિવિધી તાપ સ્વરગ ભોગવે, અ?પ આપના ભોગ, કોઇ કોઇનો લઇ શકે નાહી, રતિ માત્ર પણ રોગ. રૂડા ૨૨ માત પીતા બન્ધવને બેનરે પતનીને પરિવાર. ઓશડ વેશડ કરોડ કરે પણ, કર થાએ કી-તાર રૂડા. ૨૩ રૂપ અનેક પડે ને પ્રગટે, સંસારીડો શોણુ, માટી માંથી મણી દેખાડે, બાજીગરનું જાણુ રૂડા ૨૪ પવન ગગન પાવક ને પાણી, પ્રથવી પીઠ પ્રચંડ, અચુતની ઈછાએ ઉભા, ચૌદ ભુવન બ્રમાંડ રૂડા ૨૫ પુરૂષોતમની પસરી માયા, કીધા રૂપ અનંત. જોતાં પ્રથમ પ્રકતી સરવની, એ લીલા ભગવંત રૂડા ૨૬ એક પરજનથી સઘલી માયા, અઢારભારવન રાએ. તેમાં સ્વાદ સરવના ન્યારા, રામ તણો મહીમાય. રૂડા. ૨૭ શુક્ર તણુ જે બુંદથી પ્રગટે, પશુ પક્ષી નરનાર; અંગ અંગના રંગ જુજવા, શ્રીવર શરજણ હાર, રૂડા. ૨૮ જઠરાગ્નીની જવાલા માંડે, દેહ રહે દશ માશ. ગરભવાંશણી ગરભ ધરે પણ ચેતન હરાને હાથ રૂડા ૨૯ જેને નાભી કમલથી પ્રગટા, પ્રજાનાથની-ધાર, તેણુ ઇશ્વરની ઇછાથી, સરવ રચો સંસાર. રૂડા. ૩૦ બ્રહ્માએ નીજ શકતી પ્રમાણુ સરવ રચું બ્રહ્માંડ. રૈ રૈ ચેતન તેમાંજ પ્રગટુ. પુરણાનંદ પ્રમાણ રૂડા. ૩૧ ચતુરાનંદ આ શ્રષ્ટી રચી છે પંચભુતને સાથ, નખશીખ સુધી રૂપ રચીને કોણ સમરપે સ્વાશ રૂડા. ૩૨ સંસાર સ્વરૂપી સરપે ખાધો. જગત ઝેરને જોરે, તેમાંથી નર કોઈક ઉગરીઆ, રામ નામેને મોરે. રૂડા. ૩૩ જલ સ્થલ સ્થાવર ને જંગમ, જાહાં જોએ તાંહાં રામ; ચૌદ ભુવનમાં સઘલે ભાંસે, જોતાં ધામો ધામ. રૂડા. ૩૪ જનમ જનમના થાએ જુજવાં, માત પીતા પરિવાર, સઘલે નારાએણ તેનો તેછે, અવતારો અવતાર. રૂડા ૩૫ પુરવ છાઓ અવતારો અવતારે. માત પીતા નીશ્ચે નવાં, નવો ન થાએ નાથરે, જોતે જોબન રૂ. ૩૬ કડવાં ૨૮ વલણુ. વલી વલી બોલા તે મુની તતકાલજી, સાંભલ રાજા તે વચન રશાલજી; ગુરૂજી બોલા તે જાણી બાલજી ૧ ઉથલો ગુરૂજી બોલા બાલક જાણી, શીખામણ મુખ શું વદે, વારે વારે વારૂ તુજને, કુંવર કાં ન ધરે રૂદે. ૨

રાગ મારૂ. હઠીલા કુંવર કહ્યું મારૂં માનોની, વારે વારે વારૂ છઉં તુજને, વેરી શત્રુને સમરસ સ્થાને, તાત તાહારો રલીઆત રેહે, તેવી ભણુજુ તે વીદા ભણુને. હઠીલા કુંવર કહ્યું

[illegible] તો તારો કુલ [illegible] ની કેમે ન [illegible], જનક તારો જે ગમે તે ભણની, [illegible] બીજું વીશારતુરે. હઠીલા ૩. [illegible] રાજા રીઝે તેમ કીજે, માન શીખામણ મારી, ભુપત [illegible] રાત કેહેતો, [illegible] એને વારીયે. હઠીલા. ૪ [illegible] તાત તારાની આણ અખંડીત [illegible], વિષ્ણુ ભજન કોઇ કરી નથી શકતું, ફુવાઇ દાનવની ફરતેરે, હઠીલા. ૪ વાત [illegible] તે સાંભલજે, તાહારા તાતનો વીષ્ણુ છે વેરી, તું તેનું શરણું એઠો કરે છે. કેમ ખમે એ ન મેરીરે. હઠીલા. ૫ તે માટે જપ રામ જવા દે, ફુભા છે દાનવ [illegible], તુજને મારતાં મેર ધરે [illegible], શું કરે શરપ ઉઝેરીરે. હઠીલા. ૬ વારૂં કેહેતાં તુને વશાસું [illegible], રાખીશ માં મન રોશ આજ પછી જો ભુપતી ખીજે, તો મુને મા દેશો દોશ હઠીલા. ૭ સારી સારી તુને વીદ્યા શીખવું, જેણેથી રીઝે રાએ, તુજને રાય શીંધાસણે આપે મુજને કોટ પશાઅ. હઠીલા. ૮ અસ્ત્ર નેસ્ત્ર એવાં એવાં શીખવું, જેને બલે તતકાલ, ત્રણ ભુવનમાં ત્રાશ પમાડીશ, દીન થાશે દીગપાલ. હઠીલા. ૯ રામનુ નામ દેવું પડતું, જપની દાનવનો જાપ. રૂડું જાણે તેમ કરની બાલક, જેમ રીઝે માબાપ. હઠીલા. ૧૦ શોહા વાતે તુને સમજાવું, કાંઇક રૂદેમાં રાખ. નહીતર ભુપત ખીજશે ભાઇ સરવ સખાની સાથ. હઠીલા ૧૧ કહી કહીને તુને જીભડી ઘાઠી, વારી વારી આવો આજ માત પીતા ગુરૂના વાઅક, લોપતાં લંપટ લાજ. હઠીલા. ૧૨ શીખામણ તુને કાંઇ ન લાગી, શંગે ન આવી શાન. જેરે વચન ગ્રહ્યું તે ગ્રહ્યું, બીજું કહ્યું ન ધરે કાન હઠીલા ૧૩ શરવ સખામાં તું શીરોમણી, શંછલ ચતુર સુજાણ શા માટે જાણી જોઇને બોલે, તાત વેરીનાં વખાણ. હઠીલા. ૧૪ અસુર તણે કુલે ઉપનો બાલક, જોની વીચારી ચંત, પોતાનું કુલ દેવત મેલી શ્યાને ભજે ભગવંત હઠીલા. ૧૫ એમ પ્રહેલાદને પ્રીછવો, તાંહાં આવો અનુચર એક ચાલો ગુરૂ સુત તેડી સભામાં, સાંભલે ભુપ વીવેક. હઠીલા. ૧૬ તારે ગુરૂ શીશને કે સાંભલ, ચાલ પીતાની પાશ; રાજ નીતી સંભલાવી કેજે, રામ નામ ન પ્રકાશ. હઠીલા. ૧૭ પછે ગુરૂજી હાથ ઝાલી કરી, સાથે તેડી ગયા બાલ. રાજસભામાં ભુપત પાશે, આવ્યા ગુરૂ તતકાલ. હઠીલા. ૧૮ ગુરૂ પ્રહલાદને આવતા દેખા, ઉભો થયો સરવે શાથ, અધ્યારૂ એ આસીશજ દીધી, પ્રેહેલાદે કોધો શીર હાથ. હઠીલા. ૧૯ તાતે તેડો તાંહાં પુત્રને પ્રેમશું, બોલે બેશાડો બાલ, વાલી વીદ્યાની વાતે પુછી, શંભલાવની શ્રવણ રશાલ. હઠીલા. ૨૦ પુરવછાઓ. ભુપત પુછે પ્રેમશું, કેહે કાંઇક મુજ પુત્ર, વાલી વીદ્યા જે ભણો, તે સંભળાવો શુત્ર. ૨૧

કડવાં ૨૯ વલણ. વલી વલી બોલા તે મુનીવર એમજી, સાંભલ રાજા તે ભગતનો પ્રેમજી, જેને રામ ભજન વન

બાજા નનજી. ૧ ૭ ઉથલો ॰ રામ ભજન,
અવર ચરચા ન કરે, જગદીશ નારાયણ હરી, ગોવીંદ માધવ ઓચરે. ૨ તાત સનમુખ વાત કરતાં, રામ રજનાએ રટે, હવે તેનો કહુ મહીમા, સાંભળે સંકટ ધટે. ૩ પ્રેહેલાદ બોલો પીતા સાથે, સત્ય છે શ્રીરામ, પ્રથમ વાલી એજ વીદ્યા, તે ન મેલું મુખ નામ. ૪

રાગ કલ્યાણ મુને વાહાલું વાહાલું વાલું દાદા રામજીનું નામ. માહારે અવર વીદ્યા તણુ નથી કાંઇ કામ, મુને વાહાલું વાહાલું વાહાલું દાદા રામજીનું નામ; ૧ જોરે પીતાજી આણો મુજપર પ્રીત, મારી પાટીમાં લખાવો રૂડાં ગોવીંદના ગીત. મુને૦ ૨ મારે માધવ ક્રષ્ણ મુકુંદ મોરાર, ભજું મધુસુદન કેશવ કીરતાર. મુને૦ ૩ મારે દામોદર અવીનાશીરે અનંત, મારે ભજવો છે ભક્તવછલ ભગવંત મુને૦ ૪ મારે શ્રીધર સુંદર વરજો સુદાત, મારે નારાયણ પ્રભુ નીરગુણ સનાથ મુને૦ ૫ માહારે પુરૂષોતમ પર બ્રહ્મ વાસુદેવ, મુખ ભુદર ભજવાની પડી બહુ ટેવ. મુને૦ ૬ હું તો રૂદે માંહે રાખી રાખું રામ ગોવીંદ, વલી તન મન ધન મારે શચીદાનંદ. મુને૦ ૭ મારા વદનમાં વાશો વીઠલ વીશાલ, તેણે વોસરતો નથી હું સદન ગોપાલ. મુને૦ ૮ મારે શ્રવણે શ્રી રામજીનું રામજીનું ગ્નાન, મારે રામજીનું શમરણ રામજીનું ધ્યાન. મુને૦ ૯ મારે વિષ્ણુનું વંદન શેવન શ્રીરામ, મારે ધરમને કરમ તે શાચો શુંદર શાંમ. મુને૦ ૧૦ હું તો શદાને શરવદા શ્રીહરી કેરે શરણ, કીધુ આપ શમર પણ પ્રભુજીને ચરણે. મુને૦ ૧૧ મારે ધરણીધર પર ક્રઠ વીશવાશ, હું તો જનમ જનમ થકી દેવે કેરો દાશ મુને૦ ૧૨ મારૂ જગતમાં જાંહાં લગી કલેવર ક્ષેમ, મારે તપ તીરથપર પુરણ પ્રેમ, મુને૦ ૧૩ મારે નીરધનનું ધન શારંગપાણે, મારા મંદીરમાં જો તે જડી, મોતીડાની ખાણ. મુને૦ ૧૪ હું તો મુકું નહી મુખ થકી વિષ્ણુના વખાણ, હું તો પુરે પ્રેમ ભજા કરું પુરૂશ પુરાંણ. મુને૦ ૧૫ હું તો વીદ્યાનું તત તપાશું રૂડી રીત, ચારે વેદ વલોવ્યામાં વીરણુ નવનીત મુને૦ ૧૬ એક ઉંડા ભવસાગરમાં પ્રભુ નામ છે નાવ, નાવે માનવીની દેહ વીના બેઠા કેરો દાવ. મુને૦ ૧૭ એવા જુગજીવન ત્રીલોચન ત્રાંણ, કોણ સીંધુ માંહે બુડી પડે મેલી મોટાં વાહાણ. મુને૦ ૧૮ પુરવ છાયો.

મેહેલી મોટાં વાહાણરે, સાગરમાં રયાને પડે; ભવજલ તરવા પારરે, રામનામ નાવ ચડે ૧૯ કડવાં. ૩૦

વલતા બોલા મુની પુનવંતેજી, સાંભળ રાજા તે એકે ચીતજી; ભગત ન મુકે ભજન ભગવતજી. ૧ ઉથલો.

ભગત ન મુકે ભજન પ્રભુનુ, અસુરે કીધો ક્રોધ; શ્યામ સુંદર નામ લેતાં વધારો છે વીરોધ ૨ બેઠો વખાણે વીરણુ કીરતન, બીજી ન બોલે વાત; શ્યામ સુંદર નામ લેતાં, કોપો અસુર ઉતપાત. ૩ રાગ ચોપાઈ.

કોપી અસુર જે વારો એને કોએરે, સંભારે બેઠો શ્યામનેરે; એવો મારે કુલ બાળક ન હાયરે, રટે છે બેઠો રાંમનેરે. ૧ એકા કુંવરે લોપી છે મારિ લાજરે. સભારે૦ એના મનમાં ન આવું મારૂં રાજરે. રટે છે૦ ૨ જારે પુછું તારે મુખ થકી બાલરે સભારે૦ તેની હુને લાગે રૂદીઆમાં ઝાલરે. રટેછે. ૩ એને શુત જાંણી ચડાવો મે શીશરે, સભારે૦ નાખીઓ ખોલેથી ખેશવો કરિ રીશરે, રટે છે૦ ૪ બોલો દઇત રાજા દાનવનિ શાથરે. સંભારે૦ એણે મ્રત્યુ માગું આપણુને હાથરે રટે છે૦ ૫ એતો ઉપનો છે કુલ અંગારરે સંભારે૦ એણે મુખે કરિ માગી લીધો મારરે, રટે છે૦ ૬ એતો વખાણે છે માહારે જેશું વેરરે. સભારે૦ એને મારતાં ન ધરવી હવે મેરરે. રટે છે૦ ૭ ઉભા અસુર જુવોછો શાને કાજરે. શંભારે૦ એને મારીને નીવારો મારી દાઝરે. રટે છે૦ ૮ એવું સાંભલીને ઉઠા દઇત ક્રોડરે, શભારે૦ ધશા ઢુકડા કરતા કડાકુંડરે. રટે છે. ૯ કીધો કુડાસે ઉડાડે રહ્યા બાણરે. શંભારે૦ જેમ વાદલાએ વીટી લીધો ભાણરે. રટે છે૦ ૧૦ બીક દેખાડે પછાડે હેઠા પ્રાહારરે. શંભારે૦ કાડા ઉઘાડાં ઉગામે હથીઆરરે. રટે છે૦ ૧૧ દઇત બોલા હેલાશ્યાને માટરે. શંભારે૦ તેતો મ્રત્યુ માગી લીધું શત્રુ શાટરે. રટે છે૦ ૧૨ મુકી મુકી હજે મુખ લાંબી વાતરે. શંભારે૦ નહી તો હમણાં કરશું તારી ઘાતરે. રટે છે૦ ૧૩ તવ બાળક બોલીઓ સુણો હુતરે શંભારે તમે કરોની મારૂં કરતુતરે. રટે છે૦ ૧૪ જેને બાંધો છે પ્રભુ સાથે પ્રેમરે. શંભારે૦ તતો મુકું નહી જાંહાં સુધી તન ક્ષમરે રટે છે. ૧૫ એવું સાંભલીને કોપીઆ અસુરરે. સભારે૦ જાણે કીજીએ બાળકને ચુરરે. રટે છે૦ ૧૬ માર વજર ગદા તો માર ત્રીશુળરે. શંભારે થાએ ભગતને શરીરે જેમ ફુલરે રટે છે૦ ૧૭ નાખે ખડગ ખેડના ઘણા ઘાએરે. શંભારે૦ અંગે ભગતને તરસાવત થાએરે, રટે છે૦ ૧૮ શાંગ ખંજર કટારિ નાખે કોટરે શંભારે૦ હરીભગતને ન લાગે તેનિ ચોટરે. રટે છે. ૧૯ દઈત માની મારિ હારા નીરધારરે. શંભારે૦ અંગે ભગતને જણાણું નહી લગારરે. રટે છે૦ ૨૦ પછે કીંકર રાજાને લાગો પાએરે. શંભારે૦ એકા પુત્ર અમે મારો નવ જાએરે. રટેછે. ૨૧ એને હણિ હણી થાકા છે હાથરે; સંભારે૦ હવે જાણો તે કરોને દઈત નાથરે રટે છે૦ ૨૨ પુરવ છાયો.

એને જાણો તે કરો. અવર કોક ઉપાએ, અરભક મારો નવ ગયો, આઉથ કરે વાએ. ૨૩ કડવા. ૩૧ વલણ.

વલી વલા બોલા તે મુનીવર રાએજી, સાંભલ રાજા તે કહું મહિમાએજી; માંડો અસુર તે અન્ય ઉપાએજી ૧ ઉથલો. માંડો અસુરે અન્ય આદર, ભકત હણવા કાજ, બાળક ઉપર બળ કરે; જેમ રત્ન પર ઘણુવાએ. ૨ તેડાવા બળવંત બળીઆ, પ્રલે તણાં પ્રધાન; તેને સુત સોંપી કહું, હણો તો થાઉ ત્રશ્ટમાન. ૩ મારા

તે વેરીને ભજે, દીન રેણુ સમરે રામ, રંગીલો ... નહિ, ... મુકે મુખથી નામ.

રાગ ચોપાઈ. રંગીલો કુંવર મુખથી રામ નામ ન મુકે; લાગ લગ્ન મન થોભો ..., ... નવ ચુકે. બહુ વીધ વારી વારી જોયા, કંઈ કંઈ ન શ્રવર શુકેરે રંગીલો. ૫ દઇત પ્રતે જમ કીંકર તેડી, સાધુ સુતને શ્રાપો, આ બાલકનો કાલ કરીનિ, લંપટ મુજને લોપોરે. રંગીલો. ૬ વલતા જમકીંકર ઉદ્યમ માંડી, વીધ વિધ વ્યાધ ઉપજાવી, ઉંડા જલમાં અમ પડે તેમ, દઇતે કાર્જે સમાવીરે. રંગીલો. ૭ સરવ જ્વર ચોરાશી વાઉ, અગન અઢાર ઉવેખી, ભગત તણે મન તેમ થઇ લાગો, જેમ જલ મસ્તક મધખીરે. રંગીલો ૮ કાલદંડ જમદંડ અ ખંડીત, હરીજન અંગ હુંકાર. જેથી સકલ જગત લે પામે તે પણુ હણતે હારારે. રંગીલો. ૯ દીનકર સુત દાનવને ત્રાસે કોડ પ્રકારે કામ; જમકીંકરનું જોર ન ચાલ્યું, હાડ કરી દુખ પાંમારે. રંગીલો ૧૦ વલતો જમ કેહે શુણુ રાજા, એ સુત કોણુ કાહાન, ધરમ થઇ અધરમશું હણીએ, તોપણુ અંત ન આવરે. રંગીલો. ૧૧ અમે અમારી શકતી પ્રમાણે, મણા ન મુકી થોડા, અંતે દયા વાજ આવાને, આઉધ નાંખ્યા ચોડીરે. રંગીલો. ૧૨ એવું શુણીને રાજા રૂઠો, રાંડા રૂદેમાં ખીજી, બાલક ઉપર બલ કરવાને વાત વાચારા બીજીરે રંગીલો. ૧૩ પ્રાહલાદ રૂપ વીકાલ કરીને મનમાં વાત વિચારિ, તેડાવ્યા દીગપતિના મેંગલા, માહા બલીઆ વીખ ધારીરે રંગીલો. ૧૪ આવ્યા મલ માતંગ મલપતા, અયુત જોજન ઉંચાં. ડોલે ધરણુ ચરણ પ્રહારેથી, પરવતને મન કુચારે. રંગીલો ૧૫ બોલો ભુપત કેહે કુંજરને, કામ કરો એક મારૂં, આ અરભકના પ્રાણહરોતા, સાચું જોર તમારૂં રંગીલો. ૧૬ મેલો બાલ વાશાલ વગડામાં, માટે ધેનર ઘેરો, મન રૂઠો મે તન છુટો, જઇ જનને ઝઝેરોરે રંગીલો. ૧૭ તારે કુંજર પરહરી કોપા, દીઠા મદમત મંતી, નાઠા ગજ દંતોશલ કાડા. માહા દુઃખ પાંમા દંતિ રંગીલો. ૧૮ પછે કરીંદ્ર કેહે ભુપતને, શાંભલ રાજા સાચું, આ બાલકના કાલ ન આવે. ક્રોધ કરે તે કાચું રંગીલો. ૧૯ એવું શુણીને અશુર તેડા. પવન પ્રબલ બલવંતા, આ અરભકનો નાશ કરીને, ટાલો ચતની ચીંતા. રંગીલો. ૨૦ દઇત રાજાનું કાજ વીચારિ. વડા મનમાં વાઉ; પંજર માંહે પ્રવેશ કરો, તે હરીજન હણવા આઉરે. રંગીલો ૨૧ શોશે શ્વાસ શમાશને આણી, જાણે પાડ પીડા, પણ હરીજનને લેશ ન લાગે, જાંહાં કેસવની ક્રીડારે રંગીલો ૨૨ પવન પેટમાં પછવા લાગો, ઓદરમાં અગ્ની જ્વાલે, ભાગો ભે લાગો મન માંહે, બાલો મારો બાલેરે. રંગીલો ૨૩ મારૂત જઇ ભુપતને મલીઓ, આ બાલક બલ ભારી, જોર કરૂં પણ જરા ન ચાલું, હું આવો છઉં હારીરે રંગીલો. ૩૪ એમ ... નાગ ન એડા. ડેણ કકારે પરવત ફુટે.

... પ્રગટે, ... તાણુ કરી દુખ
. વ્યાલ વેગેથી, ...જ આગના
.શે વારૂં છો વીખધારીરે. રંગી-
... રૂઠીઆ વદન વિકાશી, ...
...ડ નાહાસા શાસા, આંડવ જુદા નાશીરે. રંગીલો ૨૮ મર્યાધર જઇ ભુપતની પાશે, બેઉ કરજોડી ઉભો, આ બાલકનો કાલ ન આવે, દાનવ શાને દુવોરે. રંગીલો. ૨૯ વલી વેણુ વીખધરનું સુણી. અશુર શબલ અકલાંણા, જે અવડો બાલ શકોમલ કાચા. કોઇ થકી ન મરાણોરે. રંગીલો. ૩૦ જલમાં ઝેર હલાહલ નાંખો. પુરણુ પાનકરાવું, અમરતપે અદકો ગુણ કીધો, કરતવ કા મન આવુંરે. રંગીલો ૩૧ ગ્રાડે પરવત સંગ ચડાવી, દાશ દોડવી દીધો, જન જાણી જન દીશે લેને, જાતે ઝાલી લીધોરે રંગીલો ૩૨ સાથે દાનવ કીંકર હુતા, તે પરચંડ પડીઆં, ભાગાં અંગ વાંકટ વન વાગાં, રાન વગડ રડવડી માંરે. રંગીલો. ૩૩ પરવત જેવડી કુંજર કરીને, સાગરમાં સંતાડો. કુસુમ સભ જેવું સુખ પામો, જનને માડ જગાડોરે. રંગીલો ૩૪ નાગપાશ બંધનમાં બાંધી સાગરમાં સંતાડો, તાંહાં પણ જનને કીપા કરીને કમલા નાથે કાહાડોરે. રંગી. ૩૫ વલી દુત બાલકને લઇ ગયા, ભેથી ભુપત પાસે, આ બાલકનો અંત ન આવે, એણી પરે વચન પ્રકાશેરે રંગીલો. ૩૬ જલ બોલો પાવકમાં રોલો, ઢોલો પરવત સંગે, એવાં એવાં સંકસ્ટ કીધાં, પણ આલ ન આવો અંગેરે. રંગીલો ૩૭ એવું શુણી દાનવ ભે પામો, ચંતમાં વ્યાપી ચતા, આ બાલકનો નાશ કરતાં હારા નર બલવંતારે રંગીલો ૩૮ આ બાલકથી કોક દીવશ પણ મસ્તક:મોહોત વીવરજુ, મનમાં મુને એટલું શુજે, જે સરજણહારે શરજુરે. ૨૯ દાનવહોડ કરીને થાકો જોર જરા નવ ચાલું, મહીખોતરવા મહીપતિ બેઠો, નિચું મસ્તક ઘાલુરે રંગીલો. ૪૦ રાત દીવસ ચંતામાં પડાંઓ, જાણે જનને ચુરૂં, દાડે દાડે દુરબલ થાએ, અન ન ખાએ પુરૂં. રંગીલો ૪૧ તેવે સમે તાંહાં ભગુજી આવા. દઇતે આદર કીધો, સેવકની પેરે શીશ નમાવી, કેહે કીરતારથ કીધોરે રંગીલો ૪૨ વલતા ગુરૂ પુછે કાં ભુપત, દુરબલ સરખો દેખું, તુજને ભે ઉપજાવે જુગમાં, એવો પુરૂસ ન દેખુંરે. રંગીલો. ૪૩ વલતો ભુપત કહે ગુરૂ શુણુએ, પતરપંર બલ થઓ મારો, શત્રુનું સમરણ નીત શાખે, હણુતલ એથી હારોરે રંગીલો ૪૪ કોક દીવશ એથી ભે મુજને, મોહોત અમાનક આવે. તાપ લાગો તેનો તન માંહે, ત્રેવડ કરવી કાંઇરે રંગીલો. ૪૫ તારે ગુરૂ કેહે શુણુ રાજા, એશી વાત વીચારે, કાને કઇ શુણ્યું નહીં જુગમાં, અજા શીંગને મારેરે. રં-

ભણાવું એવિ પીધા, જે ક...
વરૂણપાશ બંધનમાં બાંધી, બા
મેલાવું, વીધ વીધ ભાતે વારૂંરે.
શીશને સાથે તેડી, વરૂણ પાશ બં...
રંગીલો. ૪૯ સખા સરવને રાખા સંગે, ભણો ભણાવે અન; જમ
પ્રલાદ વચન વીશારે, તેમ સમજાવો તેનેરે રંગીલો. ૫૦ પુરુ-
વ છાઓઓ. વચન પુરવનું વીશારે, તેમ સમજાવો સંત; જેમ
રાજા કેહે તેમ ભણે, તજે, ભજન ભગવંત. કડવાં ૩૨
વલણ. વલી વલી બોલા તે મુખ રૂશી જનજી, સાંભલ રાજા
તે પાંડુ તનજી. બોલે બાલક તે પ્રેમશું વચનજી. ઉથલો
પછે શીશને પ્રીછવે, પ્રેમે કરી પ્રલાદ; હું ભણાવું તે ભણો, જે
માંહે શાર સંવાદ ૨ સહુ કોઇ સુંદરને ભજો, ભાવે કરિને ભ્રાત
સાર નહી સંસારમાં, એ વીના બીજી વાત, ૩ રાગ શોરઠી
સહુ કોઇ ભાવે ભજો ભગવાનનેરે, માહારૂં કહું કરોની ભ્રાત;
એ વણ સાર નહી સંસારમાંરે, મન જોની વીચારો વાત, સહુ
કોઇ ભાવે ભજો ભગવાનનેરે. ૧ એતો આદ નિરંજન એકછેરે,
ભગવાન સુરાંસુર ભુપ; ભગતને માટે ફરે બ્રમાંડમાંરે, ધરે રંગ
રૂપે તેવા રૂપ. સહુકો. ૨ પ્રભુ શેશ શજાએ પોઢીઆરે, શીર શેશ
વદે છે વેદ ઇછા છે ઉતપનને પ્રલે કરેરે તેનો કોઅ ન જાણે ભેદ
સહુકો. જેના નાભ થકી અજ ઉપનારે, ચતુરાનન પુન પવીત્ર.
સુંદર પાએ થઇ ચારે વેદશુંરે, નીત વરણવું વિષ્ણુ ચરીત્ર. સહુ-
કો. ૪ હેનુ ચૈતનછે ત્રઇલોકમાંરે, વીરચ્યાદક કીટ પતંગ; વ્યાપક
સુરજકલા જેમ વિશ્વામાંરે, તેમ સઘલે છે શ્રીરંગ, સહુકો. ૫ એ-
નું નામ જપે નરનાર જેરે, નહો નરકવાસ નીદાન. પાપના તાપ
ટલે તન માંહેર્થારે, જાએ આપ થકી અભીમાન સહુકો. ૬ જેને
નામ વાલું જગદીશનુંરે, તેતો પામે પદારથ ચાર. તેમાં સંધે
નહી સંસારમાંરે, તેતો નીશચે ને નીરધાર. સહુકો. ૭ સંસાર
સ્વરૂપીઓ સરપછેરે, વલી તેહના ત્રણ પ્રકાર છે મણી મોહોરો
ને ઝેર જુજવોરે, તેનો ભારે વીકટ વેહેવાર. સહુકો. ૮ વીખ પંચ
વશે તેને મુખેરે, તેણે પરભવી શ્રણી સમસ્ત, તેમાં પેલો મોહોરો
મુકુંદના નામનોરે, ઉગરો જેને આવીઓ રસ્ત. સહુકો૦ ૯ ભાઅ
ઝેર તણો જેણે વામીઓરે, કર આવો જેને મણી મોક્ષ; અંતર
આતરામને ઓળખેરે, થાએ પુરણ જોત પરોક્ષ. સહુકો૦ ૧૦ તે
નીરગુણ બ્રમને ઓળખોરે, ગુણ સગુણના નીત ગાય, રામ ગો-
વીંદ મુકુંદર માપતો; ગરૂડા રૂઢ વઇકુંઠરાએ. સહુકો૦ ૧૧ મધુ-
સુદન માધવ માવજીરે. સુખદાયક દીનદઆલ; સુંદર શ્યામ દા-
મોદર શ્રી હરીરે, કમલાવર વસ્તુ ગોપાલ. સહુકો૦ ૧૨ જગદીશ

[illegible] કરતા: [illegible]
રે જનનાથ; સુધર માહાવર શ્રી
[illegible] ૫ [illegible] પાથ. સહુકો૦ ૧૩ વાસુદેવ
, મન મોહન [illegible]વ મોરાર; કેશવ ક્રષ્ણ ઉપે[illegible]
[illegible]રને કીરતાર; સહુકો૦ ૧૪ શંખ ચક્ર ગદાંબુજ
[illegible] સુંદર શ્યામ; ધરમ ધોરંધર [illegible]પ અમોઘછેરે.
[illegible]શી નાએક પુરણ કલાણ; સહુકો૦ ૧૫ ઇશ્વર અચ્યુત સત્ય સ્વ-
રૂપ છેરે, ભક્તવછલ મછકો રંભ, આદ અનાદ અલોકીક પરમછે
રે; પુરષોતમ પુરણ બ્રહ્મ. સહુકો૦ ૧૬ એવા નામથકી નિત નેહ-
શું રે, સુખ ગાય ગોવીંદના ગીત; મનમાં સત્ય જાણે શ્રી રામનેરે,
તમે આણો પ્રભુપર પ્રિત સહુકો૦ ૧૭ પ્રાણીને પાપનો તાપ લાગે
નહીરે, નીત જપે તે શ્રી જીગદીજ, કેશવ કોટ અપરાધ ક્ષમા
કરેરે, ક્ષણ ચરણે નમાવું શીશ. સહુકો૦ ૧૮ જીવને જનમતણું
દુઃખ ટાલવારે, ઘણું તતવ નારાઅણ નામ; સુખ આપે અનોપમ
સરવથારે, વલી પુરે તે મનની હાંમ. સહુકો૦ ૧૯ તન પાપના
તાપને ટાલવારે, પ્રભુ નામ સ્વરૂપીઉ નીર. પ્રેમે શું પાંન કરતાં
તે તણું રે, ઘણું શીતલ થાએ શરીર સહુકો૦ ૨૦ મનરૂપાસ્વરૂપીઉ
સત્યછેરે, માંહે ભલી ઉતથી તીલપાપ; રાંમને નામે શીંચો કરી
શોધીશરે દઇ જ્ઞાન અગનિનો તાપ. સહુકો૦ ૨૧ ચીત તારે નરે
ડી જેવું હશેરે, તેને કહું તે ન કેહે કોઅ; હરનિશ અગ્નીમાં
ઝીલી નીશરેરે, તોએ શ્યામ શરીર ન હોય. સહુકો૦ ૨૨ એમ
અગન એકા સંસારનિરે, ત્રણ લોકને લોપવા જાઅ, તેમાં શ્રી
જગદીશના નામથીરે; મન શંત સમાગમ થાય. સહુકો૦ ૨૩ તેહ
બીજ જાણી તમને કહુંરે, પરબ્રહ્મ ભજો દીનરાત; કોઇ કામ નાવે
અંતકાળમાંરે, વળી માત પીતા કુલ જ્ઞાત. સહુકો૦ ૨૪ રીધ
સીધને સંપત સરવ છેરે. અવનિને અખડિત આથ; તે પણ આવે
નહિ અવસાનમાંરે, પ્રભુ નામ વીના કોઇ સાથ. સહુકો૦ ૨૫
ધરમ કરી ધરાપર ખરચીઉરે, તેનુ સેહેસ્ર ગણું ધન થાય; તે વલી
પામવાને પરલોકમાંરે, અવતાર લેવાને જાય. સહુકો૦ ૨૬ કોઇ
ધરમ કરે મન જ્ઞાનથારે, ગણે દાતાને ભુગતા શ્રી રાંમ; મનમાં
ભગતિ રાખે ભગવાનનીરે, તેતો પાંમે પુરણ ધામ. સહુકો૦ ૨૭
એટલું તમને કહું આજથીરે, સુખ પામવા રાખો આશ; સુખેથી
નામ નારાઅણ ઓચરો, થાઓ દીન દયાલના દાશ. સહુકો૦ ૨૮
પુરણ લગન લગાડી પ્રેમશું રે, સુખ ઓચરો શ્રી અવિનાશ; તો
દુખ દેખશો નહી અવતારમાંરે, અંતકાળે વૈકુંઠ વાશ. સહુકો૦
૨૯ સુને નારદ મુનીએ આપીઉરે. એવું જ્ઞાન અનોપમ પરમ
તે વળી પામીઓ આતને પેટથીરે.. તેણે ચક્ષુ ટલી ગયું ચરમ.
સહુકો૦ ૩૦ એવું સાંભળી સરવ વીચારથીરે, પ્રભુ નામનો લીધો
લક્ષ; દઇતના વંશનો મારગ વીશરારે, સહુ વરણવે વિશ્ણુ પક્ષ.

સહુકો૦ ૩૧ પુરવ છાંઆ.
કીરતન દીનરાત; અરભકે ? રાજ્ઞ જ્વન,
વાત. ૩૨ એજ સ્વભાવ અ[illegible]ંક તણા, જે
વાત ન મુકે વદનથી, તે પથ વીએ ઘર મં

વલણ — વલતા બોલા તે રૂશી એણ...,

તે ગુરૂજીને ઘેરજી, સમરે જેને અસુરશું વેરજી. ૧ ઉથલો.
અસુર સાથે વેર જેને, બાલક ભજે તેનું નામ; સુણી ગુરૂજીને
ક્રોધ વાધ્યો, આવિઆ તે ઠાંમ. ૨ પ્રેહલાદ ઉપર ક્રોધ આણી, ગ્રહે
ગુરૂજીએ હાથ; શોપું પાછો ભુપને, તું ચાલ માહારી સાથ. ૩
એવું કહીને અધારૂએ, શાહા શીશને બાંહે; તતક્ષણ તેડી આવી-
આ. રાજમંડપ માંહે ૪ બોલા ગુરૂ ભુપાલ સાથે, સંભાલ તારો
બાલ; સંખા કાધા આપ સરખા, વણશાડી નીશા. ૫ પોતે ભણે
જે મુખ થકી, સહુને ભણાવે તેહ, જલવાય નહી આ પુત્ર અમ-
થી, એમ ઠરાવું એહ. ૬ એવુ સુણીને અસુર કોપો બોલીઓ
બાલક ભણી, વણ ખુટે કા માગે મ્રત્યુ, કોણ છે તારો ધણી. ૭
તવ બોલીઓ બાલક મુખે, કાં ભુપ ભુલો આમ, મુજને ભે લાગે
નહીં રક્ષા કરે શ્રી રામ. ૮ રાગ કાફી. વલતો બાલક
મુખશું બોલો, સાંભલ તું ભુપાલ, દાનવ કોટ ઉપાઅ કરો. મારો
કહીએ નવ આવે કાલ, માહારે તો શ્રીરામની રક્ષા રૂદેમાં શ્રી
રામ લખા. ૯ પાવક કુંડમાં નાખી પ્રજાલો, લીન પાંમે જાહાં
લોહ; મારા શરિરને નીર જેહેવુ થયુ, દાઝ જેને મન હોએ; મા-
હારે તો શ્રી૦ ૧૦ વાસુકી નાગનો લાગ ન લાગો, વાઉ આવો છે
વાજ. નીર ગંભીરમાં હું નવ બુડો; કરોધ કરો શાને કાજ, મા-
હારે તો શ્રી૦ ૧૧ જનકીકરનું જોર ન ચાલ્યું, હારી ઝાટકા હાથ,
મેઘલ માથું પછાડો ફુટા, મુજ દેખતાં તે દાનવ નાથ; માહારે તો૦
૧૨ પ્રોઢ પરવત સંધ ચડાવી, દાડવિ નાખો દુર; અંગ મારાને
આલ ન આવો, આભથા ભેટે ભુર. માહારે૦ ૧૩ શાંગ કટારીને
ખંજર ખપવા, મુકો બ્રમાંડનો ભાર; પીંજર માંહી પ્રવેશ કરો
નહી, ધાર તીની તરવાર, માહારે તો૦ ૧૪ મન માને તે પ્રકાર
કરો પણ, તો અન આવે કાલ, ભગત ઉપર જો જગત કોપે પણ
વાંકો ન થાએ વાલ. માહારે૦ ૧૫ તાત તમે મુને મારવા માંહે,
મણા ન મુકી નેટ; તોએ પંડ પતીત ન આવી, હાથ પછાડા જો
હેઠ. માહારે૦ ૧૬ શ્રી હરીને સંભારતા પ્રાણી, દુ:ખ ન પાંમે દેહ,
આ જુગમાં ઉગારીઓ મુને, પાધરૂં પારખુ એહ. માહારે૦ ૧૭
દેખી પેખીને દધતે કાં ભુલો. જોની વીચારી વાત, કોડ પ્રકાર
કરો મુજ ઉપર, ગાત્ર ન લાગે ઘાત, માહારે૦ ૧૮ મલ મોટા મુને
મારી શકા નહી, તોએ ન મુકો મરોડ; આંધલાની પેઠે આંખે ન
દેખે, કરતાં દીપક કરોડ માહારે૦ ૧૯ નારાયણનું નામજ લેતાં,

......૭૪ કરતા; ફેર ટરે તે
લાડાને વાંદરા, વાઘ વારાહને
જતાં, દાનવને ડીગપાલ. મા-
ડું ... ... રાજાજી, તો હજી ભજો ભગ-
ક્ષમા કરે શ્રીવર. સદા થાએ ટફુંટમાંન.
માહારે૦ ૨૨ રામ સાથેની શી રીશ રાજાજી, એછે સુરાસુર ધીશ,
જે જેવું કરે તે તેવું પામે, જુજવો નહી જુગદીશ. માહારે૦ ૨૩
શત્રુ ગણે તેહને શત્રુ છે શ્રીવર, માત્ર ગણે તેને મીત્ર; બંધુ ગણે
તેને બંધુ ગદાધર, પીતૃ ગણે તેને પીત્ર. માહારે૦ ૨૪ જગતમાં
ભક્તી વાહાલી ભગવાનને, એથી આડો આંક; શાહે કરે
શરણાગત કેરી, શું રાજાશું રાંક. માહારે૦ ૨૫ ક્ષમા ના
૨૬ ઇંદ્ર ઉપાસન, અન્યુ કરી નીત ધાએ; વેદ પુરાણથી પાર
ન આવે, મોટો ઘણો મહીમાએ. માહારે૦ ૨૬ જોરે પીતા તમે
વેર વશાવું, તો પામશો પશ્ચાતાપ; નાથ મારો તુને હાથ દેખા-
ડવા, આવશે આપો આપ. માહારે૦ ૨૭ જોર કશું જુગદી-
શની સાથે, જેનિ વીચારી મુલ, શાર કરે કેમ કામમોશે, શીઆ-
ળીઆથી શારદુલ માહારે૦ ૨૮ એવું સુણીને દાનવ કોપો, દા-
નવ કરડે દંત; સીંઘાસનથી આકલો ઉઠો અરભક આણવા અંત.
માહારે૦ ૨૯

પુરવછાઓ સીંઘાસનથી ઉઠીઓ, કોપો અસુર અનંત,
ઘોર વદન ગરજના કરે, બાલકપર બલવંત. માહારે૦ ૩૦ કડવાં
૩૪ વલણ વલતા બોલા તે મુની પુનવંતજી, સાંભલ રાજા
તે મહિમા સંતજી; જેમાં પ્રગટા તે શ્રી ભગવાનજી ૧ ઉથલો
જેમાં પ્રગટયા શ્રીહરિ, કરૂણા કરી તતકાલ; હીરણાકશ્યપ ક્રોધે
ભરાણો, નીકટ લીધો બાલ. ૨ શીંઘાસનથી શીઘ્ર ધાઓ, ખડગ
લીધું હાથ. અરભક ઉપર ઉગામીઉં, દેખાડ વૈકુંઠ નાથ. ૩
રાગ કલ્યાણ. બાલા દેખાડ દેખાડ તારા વૈકુંઠપતિ, એમ હો-
કારે બકોર બોલે મુંઢ પતી. હું તો મનમાં ન રાખુ કેની બીહીક
રતી, બાલા દેખાડ દેખાડ તારા વૈકુંઠપતી. ૪ હમણાં પ્રાહાર ક-
રીને તારાં પ્રાણ હરૂં, તારે હીરણકશ્યપ મારૂં નામ ખરૂં; હું તો બ્ર-
હ્માંડમાં બેકો નો નવ ધરૂં. બાલા. ૫ હું તો વેરિ તણે છલે બલે
મારો નવ મરૂં, વર બ્રહ્માંએ આપા તે અભીમાન ધરૂં, તેણે સક-
લ ભુવનમાંહે ફુલો ફરૂં. બાલ ૬ મુને શું કરે તારો રામ રીસ.
કરિ, મારી સનમુખ ન શકે ધાર ધરી, ગઓ વૈકુંઠથી નાહાશી
મારે ત્રાસે કરી. બાલા ૭ વર બ્રહ્મા તણા મીથ્યા કરે કોણ વલી,
જેથી પ્રગટીએ મારી શ્રીવીધ સઘલી, મુને શાહે થઓ છે તપ માંહે
બલી. બાલા. ૮ હવો દીવસ કહો જે દેખું દેવ હરી; જુધ કરૂં
તેની સાથે કર ખડગ ધરી, પેલો જે મલે તો મેલું બીજી વાત

પરી બાલા. ૯ અનુ ...
શાને કરો બેશી રહોનિ સુખે,
દાદા દેખાડું શું રામ મારો
શુરાશુર એણુ શાપી દાદા. મેં...
એહ ન જાણતાં આપણુથી દુર રાખે નથી ૯
નાથ પખે દાદા. ૧૧ એતો આતમ સ્વરૂપી ...
દરપણુ માંહે પ્રતિબીંબ ધશે, તેમ શઘલે ગોવીંદ અલગો ન ખશે
દાદા. ૧૨ તારે બોલ્યાઓ અસુર મન કરોધ થકે, ભલા જાણું અ-
જાણું કેટલું બકે. એકા સ્થભથી ઠાકોર તારો પ્રગટી શકે. બાલા.
૧૩ એવું શુણુને બાલક કરજોડી કેહે, મારા સ્વામીજી મહીમા
તો સત્ય લેહુ. હું માં તું સ્થંભ ખડગ સહુમાં રેહે દાદા. ૧૪
પછે પ્રહલાદ સભારે વઇકુંઠ ધણી. નીર પ્રેમેશું રૂદે જોઉં સ્થંભ
ભણી. માંહે દીઠા નરસીંહ ત્રઇલોક ધણી. દાદા. ૧૫ દેખી સ્થંભને
પ્રહલાદે પરણામ કરો. મન આનંદ આણીને પરદખણા ફરો, હેવું
દેખાને દાનવપતિ ક્રોધે ભરો. બાલા. ૧૬ બાંધો સ્થભ શું વણુ-
દો રૂઠે. ખડગ ધરી, કાહાડી મુછ પછાડી દોડી દોટ દઇ ફાટો કડ-
ડડ સ્થંભ ધરા ધ્રુજી રહી. બાલા. ૧૭ દીઠો કારમો કેશરી નર
પ્રગટ થાઓ; રૂપ નીહાલી નીહાલી દાનવ પતિ ડુગઓ. ધરી
ઢાલ ખડગ આવી ઉભો રહયો. બાલા. ૧૮ પુરવછાઓ.
ઢાલ ખડગ કરમાં ગ્રહી. અસુર ઉનમત્ત ઉભો થઓ, નરખી શ્રી
નરસીંહને, જુધ કરવા સનમુખ ગઓ. ૧૯ ઉગ્ર રૂપ નરસીંહનું,
તે દેખીને દુરજુધ, મનમાં ભે પામે નહી, ઉનમદ માંડું જુધ. ૨૦
કડવાં ૩૫ વલણ વલી વલી બોલા તે મુની બુધવાનજી,
સાંભલ રાજા તે હરીજન કાનજી; જુધ કરું જે અસુર ભગવાનજી ૧
ઉથલો અસુર શું નરસીંહ રૂપે, જુધ કરૂં જુગદીશ; તે કથાનો
શુણો મહીમા, રાએ માનવ ધીશ. ૨ રાગ કલાંણુ.
જોતાં કડડડ સ્થંભ ફાટો કારમોરે, પ્રભુ પ્રગટા તે નરહરીને રૂપ,
ભડડડ ભાગા ભડ ભુપતીરે, છે ભકતવછલ નીહાલી સ્વરૂપ, રા-
જા દઇવશુ જગાડું જુધ દાનવેરે. ૧ પ્રભુ ભ્રગુટી કુટીલ બીહામ
ણીરે, દીસે નયણુમાં પાવકની ઝાલ, રાજો. નાશીકા ઘોર ઘણું આ-
કલોરે. તેણુ ડોલવા લાગાછે દીગપાલ. રાજા દેવ. ૨ ખાએ બગા-
શાં વીકાશે મુખ વેગ શુંરે, થાએ તેમાં ત્રણ લોક શમાશ રાજા,
હોકારો કરે શ્રી હરી આકલોરે, ચોદ ભુવનમાં થાએ તેનો વાસ.
રાજાદેવ. ૩ બહુ સેહેસ્ત્ર બીરાજે બલ ભરારે, જેવા ઝલકે તે લાલ
ગુલાલ. રાજા. તલપે વીડારે સહુ દઇતનેરે, હુતા હજુરી હજારો
ખવાશ રાજા દઇવ. ૪ અંગ ઉફરી કરાલ રોમાવલીરે, જંઘે કે-
શરિના જેવા કેશ. રાજા. વદન તેજ. રવી કોટડુ રે, ધરો પ્રભુજી-
એ વીકરાલ ઘણો વેશ. રાજા દઇવ. ૫ ધરજે ધરણી ચરણ ધમ-

સ્વરૂપ નરસીંહનુ ૧,
ખડગ કરમાં ગ્રહીરે,
ત્યારે ક્રોધ કરી નર કેશરીરે, તાણ્યા તલપે કરીને [illegible] રાજા.
જોરાવર ઝાલ્યા જીવતોરે, વલી વગેથી વછુટે વીકરાલ. રાજા દઇવ.
૮ નાખી આયુધ ગગન લગે ઉલલેરે, આવે બીહાવતો દાનવ કરી
ક્રુર. રાજા, વલગે વછુટે રૂડે રામશુંરે ઉદે તનમાંહે શમાએ નહી
પુર. રાજા દઇવ. ૯ પડે ખડખડે વડે જઇ વાદશુંરે. મારો મરે નહી
અશુર એકાલ. રાજા ઇંદ્ર બ્રહ્મા આડા દઇ વાદલારે. જોવા આવા
અમર ત્યારે ચાલ. રાજા દઇવ. ૧૦ દલ વાદલમાં વલે જેમ વી-
જલીરે, તેમ વીશણુ સાથે દોડી મલે દઇત રાજા. ભારી ભુજ સે-
હેસ્રના પ્રકારથીરે, નવ ભાગો ઉભો આયુધ સહીત. રાજા દઇવ.
૧૧ ઝાલે ઝડફ નાખીને નર કેશરીરે, વલી વેધેથી વછુટી જાએ વીર.
રાજા. દેખીને ધરૂજવા લાગા દેવતારે, મન મુની ન ધરી શકે ધીર.
રાજા દઇવ. ૧૨ જુધ દારૂણ દેખીને વીશમે થઓરે, ઇંદર બ્રહ્મા
વીચારે છે એમ. રાજા. નરહરી આગલ જુધમાંરે, જાણું રખે રે-
હેતો દાનવ ક્ષેમ. રાજા દઇવશું. ૧૩ થાએ ઉંચો નીચોને બેહબા-
કલોરે, નવ ઝાલ્યો રેહે નરહરીને હાથ. રાજા. ક્રીડા કરે અશુરશું
શ્રી હરીરે, ભરે સહસ્ર ભુજા તણી બાથ. રાજા દઇવ ૧૪ નવ
જાણે સુર એમાં કોણ ઝીતશેરે, એહેવો અશુર અતુલ બલવંત.
રાજા રાજા જુધ જોઇને દઇતને દઇવ તણુંરે, વલી આંગલી લઇ
રહા દંત રાજા દઇવા ૧૫ ભોમ ભારજ જાલે પ્રહારનોરે, ભય પા-
મો ઘણું મન ભોઅંગ. રાજા સઘલા ભેલા શપત સીંધુ શામટારે,
પડે ખડતાલે પરવત સંધ. રાજા દઇવ. ૧૬ મલ જુધ પ્રબલને બલે
કરીરે, ઘણું શીથલ વીથલ થઓ શેશ. રાજા. ગરજનાએ ગરભ
ઘણા ગલારે, જાણે ભુતલ વાદલ ભલે એક. રાજા દઇવ. ૧૭ એ-
મ અસુરને વીશણુ વડે વાદશુંરે, તેણે સુઇ ન શકે કોઇ શે-
જ; રાજા તેજ પ્રકાશું નરસીંઘનું રે. તેમાં નભ મણીથી
આ નીશતેજ. રાજા દઇવ. ૧૮ એવો દીતી સુત શ્રીહરીશું
વડેરે, જેમ ઉડી પડે પાવક પનંગ. રાજા. હારે નહિ હરી તણી
હાકથીરે, તારે કોપા વલી પ્રભુ નરશીંઘ રાજા દઇવ. ૧૯ મુખ
ડાઢ વધારી વિકરાલશુંરે, કીધું નરહરી હાંશ અટાટ. રાજા. કા-
એર થઓ દઇવના ત્રાશથીરે, ત્રાડે દડી પડ્યા દાનવ વેરાટ. રાજા
દેવ૦ ૨૦ વાગે વદનનો શબદ જઇ વોમશુંરે, જેમ ગગનમાં ગડ-
ગડે મેઘ. રાજા૦ શાહી લીધો અસુરને અંક મારે, જેમ લગધર
વીખધર વેગ. રાજા દેવ૦ ૨૧ ગ્રહી ઝંડપને દવારે મુકને, આવી
ઉમરે બેઠા અવીનાશ. રાજા૦ ઓદર ઉખેલે નખ નેહશુંરે; કાઢ્યો

... વીશવાશ રાજા
.. ચક્ર ફરશીને કહ્યું
... ૧૦ નખથા જઠર કાઢ્યું ... પુરે. તેનો આવો અવસાન
સમે ધીશ. રાજા દઇવ૦ ૨૪ પરશુ અણીદેરે ... કરે દઇતનેરે, મારા પાપીના પરાણું કહાડો પરાણું; રાજા૦ આંતરની માલા કંઠમાં ધરીરે, બેઠા સીંહાસન ચડીને ચક્રપ્રાણુ; રાજા દઇવ૦ ૨૫ કોણે પોચે પ્રભુજીની ચતુરાઇનેરે, જેણુ સરજ રચ્યો સંસાર. રાજા૦ બ્રહ્માતણા વચન ન લોપીઆંરે, તેમ અસુર વીદારો કીરતાર. રાજા દઇવ૦ ૨૬ વર બ્રહ્માતણા સત્ય કરી પાલીઆંરે, દુસ્ટ મારો શમી વાચારી પ્રહાશ. રાજા. કુલ વૃષ્ટ કરે શરવે દેવતારે, વાજે દુંદુભી તણા નરગાખ રાજા દઇવ૦ ૨૭ નીજા ભગતને દુખા માટે કોપીઆરે, પ્રભુ સંધારો છે દાનવ જોધ; રાજા૦ રીપુ ક્ષય પામા પછે નરશીંધનેરે, કેમ ઉતારા ઉતરે નહિ ક્રોધ; રાજા દઇવ૦ ૨૮ આવા શંકર બ્રંમાને શક્ર દેવતારે, રહ્યા દુરથી કરે છે દરશન; રાજા૦ સરવ સ્તુતી માંડી જગદીશનેરે, વલી પ્રભુજીને કરવા પ્રસંન. રાજા દઇવ૦ ૨૯ પુરવ છાઓ.

પ્રભુજીને પ્રસંન કરવા, સ્તુતી કરે સહુ દેવ, કહું તુજને તે તણા, સાંભળ રાય અવેવ. ૩૦ નરશીંઘે નખ દઇ વેડારો હીરણ્યાકશ્યપ ભુપાલ, અસુર ક્ષય પામા પછી, પ્રભુ ન મુકે કાલ. ૩૧ ભક્તનેજ પરભવો. કોપ ચડા માહારાજ; અંત આણ્યો અધેરમીનો, કરૂં અમરનું કાજ. ૩૨ ઉથલો. કરું અમરનું કાજ. સુર શધલા હરખે ભરા, મન પામા ઉલાશ; શ્રી નરશીંઘે નીરખે કરા ૩૩ કડવાં. ૩૬ વલણ. વલી વલી બોલા તે બ્રહ્માકુમારજી, સાંભળ રાજા તે જશ કીરતારજી; સ્તુતી કરે છે અમર અપારજી. ૧ ઉથલો. અમર સ્તુતી અપાર ભાતે, કરે બેહુ કરજોડ, રૂદ્ર બ્રમાદીક સુરપતિ સુર તેત્રીશ ક્રોડ. ૨ રાગ ચોપાઇ. આવા ઇદ્રમુનાંદ આનંદ ધરી, કરમણી મુકતાફલ પુસ્પ ધરી; ઉભા સ્તુતી કરે પરણામ કરી. પ્રભુ નમો નમો નરશીંધ હરી. ૩ પડે ભ્રગુટી કનક જેમ ધરણુ ઢલી, તેમ પ્રભુને પ્રણમે છે સુરમંડલી, કર જોડીને સ્તુતી કરે છે વલી. પ્રભુ૦ ૪ સ્વામી દેવ સમરતનું દુખ ટલ્યું, ઘણા દીવસ પછી ગયું રાજવલ્યું. તારા ભગતનું સમરણુ અમને ફલ્યું. પ્રભુ૦ ૫ હવે સાધ સમસ્તની વ્યાધી ગઇ, સુખે રેહેશું તે સ્વરની વાશ જઇ, ત્રણુ લોકની કલમલ વીનાશ થઇ. પ્રભુ૦ ૬ દીઠો ભગતનો મહિમા અપાર અમે, જેમ મારિ શકો નહી દુસ્ટ કેમે; વળી દુખ ભ દેહી પ્રભુ [illegible] તમે. પ્રભુ૦ ૭ એમ અમર સ્તુતી કરે દુર થકે, કોઇ તેજથી નીકટ, જઇ ન

જગદીશની સ્તુતિ કરે, ગુણ ગાએ ગોવીંદના હરખ ઘણે: ફુટા કુખ પ્રતાપ મુકંદ તણે. પ્રભુ૦ ૧૨ કેહે નરક નાયક હાથ જોડી, કેર્તુત શું કરેછે મારી મત્ય થોડી; ગરૂડા રૂઠ છે મારી મત્ય ગ્રોહોડી. પ્રભુ૦ ૧૩ ભણે વરૂણ વખાણ કરે મુખથી, હવે સ્રટીમાં રાજ કરૂં સુખથી; મુને રાખીઓ દઇત તણા દુ:ખથી. પ્રભુ૦ ૧૪ કેટલા દિન દુશ્ટનું નીરધહુ, નીત કાજ કરે તે એણે કહું; હવે આજ થકી ઘણુ સુખ થયુ પ્રભુ૦ ૧૫ વલી વાઉ શમરાત કરે વીનંતી, અમને ઘણિ દુશ્ટનો પીડા હતા; એ નીવારણ પ્રભુ કીધી અતિ. પ્રભુ૦ ૧૬ કરજોડોને જક્ષ કુંવર કેહે, શ્વામી ઊમ મહિમા તારો કોણ લેહે; સુખ પામે જે સાધક શરણે રેહે પ્રભુ૦ ૧૭ અસુરે અમને ઘણું દુ:ખ દીધું, ઉપદ્રવ કરિ ઘણું દ્રવ્ય લીધું: પ્રભુ તે તમ દુશ્ટ નોવાશ કીધું પ્રભુ૦ ૧૮ વેદ વેદની શાંત ગોપાલ ભણી, હવે શાહાએ કરો અકા બાલ તણી. પ્રભુ૦ ૧૯ તમને ન ઘટે એવી રીશ ઘણી. ઘણુ તીક્ષણ ક્રોધ તમારે થકે; ત્રણે લોકમાં કોઇ રહી ન શકે; રખે શેશ ચાલી પ્રથવી શલકે પ્રભુ૦ ૨૦ કીધો ક્રોધ તમારે તે વારે ઘટે, જારે માહા કલપાંત સમે પ્રગટે; તારે વિશ્વની ઉતપા થાતી મટે. પ્રભુ૦ ૨૧ બ્રહ્મા સ્તુતી કરે છે ભેદ થકી, વેદ રહ્યુ અજુર અથર શાંમ થકી; તારા ગુણનો પરિભ્રમ પાર નથી. પ્રભુ૦ ૨૨ તમો આજ અલૌકીક રૂપ ઘરૂ, મુની દેવ સમસ્તનું દુ:ખ હરૂ; ત્રણ લોકમો તેજ તારૂ પસરૂં. પ્રભુ૦ ૨૩ ઉભા ગાંધ્રવ સઘલા ગાન કરે, જંત્ર વાંશલી તુંબર હાથ ધરે; છંદ તાલ અંદગે તાન કરે પ્રભુ૦ ૨૪ નાચે કીંનર કામની રૂપ કલા, ગુણ વરણવે વીરણ તણા શબલા; મધુરે સ્વરે ગાન કરે અબલા પ્રભુ૦ ૨૫ બોલે વાણ બંદીજન લોક વલી એમે જાચતાં દઇતને સરવે મલી; ગયું આજ થકી દુ:ખ તેનું ટલી પ્રભુ૦ ૨૬ કોઇ રામનું નામ ન લેતું કદા, અમે બોલતા દઇતની કીરતિ સદા; ભજશું તમને રીપુ મારી તદા. પ્રભુ૦ ૨૭ એમ દેવતા જય જય શબ્દ કહિ, કરે વદના વંદન મુનીંદ્ર સહિ; એમ ચરણ કમલ મર ઉભા રહી પ્રભુ૦ ૨૮ પ્રભુ દુશ્ટ વીનાશ કરો પુરથી, તો ક્રોધ હજી ન તજો ઉરથી; તેનો તાપ ન જાય રાહા શુરથી. પ્રભુ૦ ૨૯ વાધો તીક્ષણ તાપ પ્રતાપ ઘણો, જુગમાં ન સેવાએ નરસીંહ તણો; જાણે લીન પામે ત્રૈલોક ઘણો. પ્રભુ૦ ૩૦ તેવે મહાદેવે દેવનાં આણી

પ્રસંન થકી. પ્રભુ૦ ૩૪ શીવભગત પ્રેહેલાદ શું હેત આણી નરશીંધ પ્રતે
કહી મુખવાણી; એની શાહે કરો હવે સંત જાણી. પ્રભુ૦ ૩૫ એવું સાંભલીને
ત્રૈલોકનાથે ધરો ભગત પ્રેહેલાદને આપ હાથે; વર માગ કહી મેલા હરસત મારે
પ્રભુ૦ ૩૬ પુરવ છાઓ માગ માગ વર મુખ થકી એમ
કેહે અવીનાશ, તવ કરજોડી ભગતજન: બોલે વચન પ્રકાશ. ૩૭
કડવાં ૩૭ વલણ વલી વલી બોલાતે રૂશી રાજનજી, શાં-
ભલ રાજા તે એકે મનજી બોલો બાલક મધુર વચનજી ૧
ઉથલો બાલક બોલે મધુરાં વાઅક સ્તુતિ કરે નરશીંધનિ,
હાથ જોડી નાથ સનમુખ કરે વાત ઉછરંગની. ૨
રાગ જેજાવંતી સ્વામી નમો નમો શ્રી નરશીંધ શતરૂ-
નો કીધો છે ભંગ, સુરનો રાખો છે રંગ; ઉગ્ર રૂપ ધારીરે સ્વામી
નમો શ્રી નરશીંધ. ૧ પ્રગટા છો ફોડીને સ્થંભ દાનવનો ટાલો
દંભ, વીજલી જેવો વજરંભ; શેવક ઉગારીરે. સ્વામી૦ ૩ કહાવો
છો દેવના દેવ, અંતતે સ્વાઅવેવ; અધમ તારાની ટેવ, છો કરૂણા
સીંધુરે સ્વામી૦ ૩ હરનીશ વખાણે વેદ, બ્રમાનો નવ જાણે ભેદ
અટલ રૂપ છો દેવ; દેવ દિન બંધુરે. સ્વામી૦ ૪ રૂદે રેહેજો મા-
હારાજ, તમ કને માગુછું આજ; નવધા ભગતીનું કાજ, દેજો
અંતર જામીરે. સ્વામી૦ ૫ જે મુજને થીઆછો ગુસ્ટમાન, આપો
અભય વરદાન; એટલું માગું ભગવાન, ચરણ શીરનામીરે. શ્વા-
મી૦ ૬ ભુલો નહી પોતા તણું, ભગત વછલ પણું; મુખે શું વ-
ખાણું પણું, શાચુ બ્રદ તારૂરે. સ્વામી૦ ૭ વીનતિ સાંભલજો
કરણ, સરવદા રાખી શરણ; નીશદીન માહારાજને ચરણ, વશે
ચીત મારૂરે સ્વામી૦ ૮ પોતાનો કરીને થાપો; દાસના દુક્રીત
કાપો, અવિચલ ભગતી બાપો; આજથી અવીનાશીરે. સ્વામી૦
૯ અધક્ષણ નામ તમારૂ, રૂદેથી ન થાએ નારૂ હરનીશ મનમા
સંભારૂ; પ્રભુ વન વાશીરે. સ્વામી૦ પુરૂષોતમ પુરણાનંદ માધવ
માહાવર મુકુંદ, ગૌબ્રાહ્મણ પતી ગોવીંદ નિજ જન દુખ હરતારે
સ્વામી૦ ૧૧ દામોદર સુંદર શામ વીલાસો છો વૈકુંઠ ધામ; સહુ
કોઈ સમરે નામ ત્રીભુવન ભરતારે. સ્વામી૦ ૧૨ કરતા મંગલ
કલાણ, જુગ જીવ માહારા પ્રાણ, જુગમાં વરતાવો આણ: શ્રી શા-
રંગ પાણીરે સ્વામી ૧૩ કૃપા કીધી અપાર સેવકની લીધી સાર
વીસ્વંભર ચડાવાર, મેર મનમાં આણીરે સ્વામી૦ ૧૪ લીધો છે

સ્વાનાઠ ૧૮ અવું જાણી કમલાનાથ ફરી મસ્તક મેલો હાથ બોલા છે શેવકનિ સાથ; સાધુજન જાણીરે. સ્વામી૦ ૧૯ પુરવછાઓ શ્રી મુખ હરીવાણી વદે, શાંભલ ભગત સુજાણ; માહારે વૈશ્ણવ જગતમાં; જાણું જીવણ પ્રાણ. ૨૦ જે મુજને નીશદિન ભજે, તેને ભજુ સદાએ; જેણે મુજને તવ તજો, તેમે તજોં નવ જાએ ૨૧ પરદરો પર ઘાતકી, અજાણે લીએ મુજ નામ, એકવારજો ઓચરે, તો પામે મુજ ધામ. ૨૨ કડવાં ૩૮ વલણ વલી વલી બોલા તે મુનીવરનાથજી, હરિજન ઉભો તે જોડી હાથજી; પ્રભુજી બોલા તે સેવક સાથજી.? ઉથલો સેવક સાથે શ્રીહ

રિ, બોલા વચન ઉપદેશ; ભગત થાપો અભય કરિ, કાપો કઠણ કલેશ. ૨ રાગ ચોપાઇ બોલા નરહરી મુખ વાત શાધુ, મેતો નાશ કરો તુજ તાત સાધુ; તોએ તુમે ન આવો અભાવ શાધુ; એવો સુંદર તારો સ્વભાવ શાધુ. ૧ તારી ધીરજને ધન ધન સાધુ, તારા પુરવ જનમનું છે પુન. શાધુ. તુને આપું અભે વરદાન સાધુ. હુંતો તું ઉપર થઓ તૂશ્ટમાન. સાધુ. ૨ તેતો તાતની વાત નમાની સાધુ, મારિ ભગતિ ન રાખી છાનિ. સાધુ. રાજ રિધ દેખી નવ રીઝો સાધુ; બીનો નહી દેખી દાનવ ખીજો સાધુ. ૩ દ્રઢ ભગતી કીધી ભલી ભાત. સાધુ. ભય ન ધરો અસુરને હાથ. સાધુ. હવે રાજ અટલ તુને આપું, સાધુ. ભગત પોતા તણો કરાં થાપું. સાધુ ૪ માહારા ભગત ઘણા હુને વહાલા સાધુ. બીજા ઠાઠ કરે તે ઠાલા સાધુ. મુખે જપસે હરી નામ. સાધુ. તે તો પામશે પુરણધામ સાધુ. ૫ હુંતો ભીડ ભગતોની ભાજું સાધુ. મન ગરવ કરે તેને ગાંજું, સાધુ થાઉં પ્રગટ તે ભગતને કાજ. સાધુ, એવિ શીઘ્ર જાતી રાખું લાજ સાધુ. ૬ માહારા ભગતને દેશે દુખ, સાધુ મુને તેનું ન ગમે સુખ. સાધુ હું પર ભગત આણે પ્રેમ શાધુ, તેને હું રાખું છો ક્ષેમ સાધુ, ૭ તેને આપું પદારથ ચાર સાધુ, તેનો વેદ વદે છે વીશતાર. સાધુ. જેને ભાવ જેનો મનમાંહે સાધુ, તેને તેવી પ્રાપતી થાએ સાધુ ૮ જેવું વાવે ખેતરમાં બીજ. સાધુ. તેવું નીપજ નિરખતાં શીઘ સાધુ. જેણે મુજને આપ અરપું શાધુ. તેહને મેં પણ સરવ સમરપું. સાધુ. ૯ મુજ આગલ જેવું કામે. સાધુ. સંસારમાં તેવું પામે સાધુ. મારા ભજન તણો રશ પીધો, શાધુ, મુજે જગતમાં વશ કરી લીધો સાધુ ૧૦ જે કોઇ

આપુ સાધુ. ૧૩ હું તો પુરણ છો શંરવ ભાત સાધુ. [illegible] ગુણ નહી કોઇ વાત. સાધુ. તન દીલમાં અરથ નીરાશું સાધુ. કર્યું અ-રક આગલ અજવાલું. શાધુ. ૧૪ જેમ પ્રથવીમાં બીજ વીરાજે, સાધુ. તે પણ નાંખે પોતાને કાજે. સાધુ. ધરા આપ [illegible] ન ધ-રાવે સાધુ. સહુ સ્વારથે બીજ વાવે સાધુ ૧૫ તેમાં ભગતને અ-નોપમ ચારે સાધુ પણ પોતાને અરથ શમારે. સાધુ હું તો પ્રગ-ટાવે પ્રગટું પાસે. સાધુ. જેમ બહુ વિધ વહ્નો પરકાશે સાધુ. ૧૬ અગની નિકટ રહે શીત ટાલે. સાધુ. જાએ બહ્ર કરેવા તેને બાલે શાધુ. એહેવો મારો સ્વભાવ તું જાણે સાધુ. વલી સત્ય ક-રીને પ્રમાણે સાધુ. ૧૭ મારૂં મન સરખું સહુ સાથ, સાધુ મીત્ર શત્રુ થાએ છે હાથ. સાધુ, જેવું જોતાં તે જત્ર અરીશે શાધુ રંગ સરખુ પ્રતીબીંબ દીશે શાધુ. ૧૮ તેમ મુજ સાથે મન જેવું સા-ધુ. તે પરમાંણે ફલ પામે તેવુ સાધુ રજ શુરજ પર કોઇ નાંખે સાધુ પાછી આવી પડે નિજ ઇંખે સાધુ ૧૯ તેમ હું પણ છો ફલ દાતા સાધુ, તેતો માનજે વચન વીધાતા સાધુ ૨ પુરવછાએ

વચન વીધાતા તણા, જે કહ્યા શ્રી જુગદીશ, શાહે થીઆ છે સંતને, આધવ મેલા રાશ. ૨૧ કેશપે કમલા તેડીઆં, વીશ્વ જને-તા એહ રાજ્યાભીષેક કરે. શીર મોતી વરશે મેહ ૨૨ શાંધાશન બેશારીઓ, છાદ રાજકુમાર. સુર સઘલા સતોખીઆ, વરતો જેજે કાર ૨૩

કડવાં. ૩૯ વલણ. વલી વલી બોલા તે મુની માજંનજી, શાંભલ રાજા ભાવ અનંતજી; થીઆ શેવકને પ્રભુ પ્રસંનજી. ૧

ઉથલો સેવકને પ્રભુ પ્રસંન થીઆ, આપું અનોપમ રાજ; નારાયણ નરહરી હુવા, તે અસુર હણુવા કાજ ૨ રાગ ધનાશી

નારાયણ નરશીંગ સ્વરૂપે, પ્રગટા વચન વીપ્રને માટેજી; હિ-રણ્યાકશ્યપ દાનવને મારિ, પ્રહેલાદ બેશારો પાટેજી. ૩ આપું રાજ અખંડલ અવનિનું, કોએ ન શકે કોપીજી; હરીજન શહુને શતો-કીને, લાજ લગાર ન લોપીજી ૪ વૈશણુવ ધરમ વાંધો [illegible] જુગ-ગમાં, આણ અનંતની વરતીજી; થીલોક નીદ્રાવશ હરીજશ, કી-રતન કરે [illegible]જી ૫ ઘેર ઘેર હરી મંદીર [illegible], [illegible] દા-મોદર [illegible]; [illegible] હરદાશ, કરે પ્રભુજીની શેવાજી. ૬ જગન જાપ જપ તપ રશી [illegible], [illegible] કરે નીત [illegible]; અ-

તણા દુઃખ વામાજી. ૧૧ ભાગો ભય શુર લોક
પરતાપેજી; ભગત ઉગારા અશુર શધારા, અ-
વીચળ નરહર આપેજી. ૧૨ હીરણકશપને હીરણાક્ષ, એણીપેરે
વીશ્નુએ શંધારાજી. પુનરપી રાવણ કુંભકરણ થઇ, પ્રથવી માંહે
પધારાજી. ૧૩ તેણે નવખંડ માશ તપશાધી, ઈશવરને ઉપાશીજી;
ચોકડી ચૌદનું રાજ લઇને, લંકા કનકપુરી વાશીજી. ૧૪ ગરવ ક-
રો તેણે ત્રણ ભુવનમાં, શુરપતીને દંત કીધોજી; તેનો મદ હરવા
શ્રી રામે, રઘુકુલ અવતાર લીધોજી. ૧૫ જેને દશ મસ્તક વીશ ભુ-
જા, બલવંત એવી ખીલાજી; જેણે રામશું રાડ લગાડી, હરી ગ-
યો છે સીતાજી. ૧૬ તારે પ્રભુજીએ જલમાં શલા તારી, હનુમતે
લંકા પ્રજાલીજી; રાવણના દશ મસ્તક છેદી, જનક તનીયાં વાલી-
જી. ૧૭ તાર પછી દુવાપુર જુગમાં, અંત આરંભ કુલી કાલજી.
એ બેહુ દાનવ ફરી અવતરીઆ, દંતવક્ર શશુપાલજી. ૧૮ પરી-
ક્ષા જેવી જે કેરા, શનક રૂશીને આપેજી; અવતાર ત્રણે થયા જુ-
ગમાંહે, સંત પીડા શતાપેજી ૧૯ આદ પ્રભુની ઇછા હુતી, જુધ કરવાને
કાજેજી; તે માટે પારસ્નદ ન પાટી, પ્રગટ કીઆ માહારાજેજી. ૨૦
શ્રાપ દીધો મુની વરે તેને, અવતરવું પડું શાથજી; પેલા ભગત
પ્રહલાદ થયા તે, શનક રૂશી સાક્ષાતજી. ૨૧ રાવણ બાંધવ ભગત વીભી-
ષણ તે પણ રૂશી અવતારજી; દુવાપરમાં શીશુપાલની શનમુખ, ભીમક
શનત કુમારજી. ૨૨ કમલાજીએ કીધો ક્રોધ લગારક, વશી શેવકનો વાંક-
જી; તેણે અધમ અવતાર ધરો તે, જાનકી લઇ ગીઓ લંકજી. ૨૩ ફરી થયો
શીશુપાલ પ્રબલ નર, કીધું તે કમલાનું કોડજી; શ્રીકૃષ્ણજીએ
તેનો ગરવ ઉતારો. રૂકમણિ રાખ્યા રણછોડજી. ૨૪ તે માટે તારિ
શનમુખ રાજા, શ્રીવરે મારો શીશુપાલજી; ત્રણ જણ થીઆ
પ્રોલીઆને, મોક્ષ આપો ગોપાલજી. ૨૫ અધમ ઓધારા દેવ
ઉગારા, શારા તે શરવના અરથજી; ભગતવછલ પ્રભુ નવ ભુલે,
શરવથા શમરથજી. ૨૬ પુરણ ભગત પ્રહલાદ પ્રભુનો, ભગતી કીધી
રૂડી રીતજી; પીતાએ પ્રભવો ભલી ભાતે, તોએ ન મુકી પ્રીતજી.
૨૭ ક્ષણ રાચે નાચે નિજ લઇને, ક્ષણું જાચે જગદીશજી; ક્ષણું
એક રહે ક્ષણું એક બેશી, મન પ્રેમથી રાખે પ્રીતજી. ૨૮ શીખે
ગાએને સાંભલે કોઇ, નરશીંહના ચરિત્રજી; પુરણ ભગતિ કરે
પ્રભુની, થાય તે પુન્ય પવીત્રજી ૨૯ પરમેશ્વર પોતાના જાણી, એ
મુજને શીખવાશજી; બેહુ કરજોડી એણીપરે બોલા, કવીતા તે
કાળીદાશજી. ૩૦ મોટો મહિમા હરીજન કેરો, જગત શુરાશુર

૩૪ ગયા શ્રાધ પ્રભાશ પ્રાચી, પાત્રને પાડદાન;
પ્રેતને, હરી જપે વીસ્ત્ર માંહે. ૩૫ જેણે શમરા શ્રી
મંન તેના પુરવજ મોક્ષ પામે; પોચે ખગભુવંન ૩૬
ગ્રહણ સમે, આપે કાશી માંહે; દશ સહુશ્ર મુખ મેરૂ કન્ક, નામ
તુલ નવ થાએ. ૩૭ પાપ નાશે પુર કૃતના, બ્રહ્મ હત્યાદીક જેહ;
આ ભવમા નવ લાગે પરાભવ, ભકત દુલભ દેહ ૩૮ જેણે હરી
નવ ભજા તેહના ભુવન મુજાર; ચીંતામણી જેકર વીખે તે નાખી
નીર અપાર. ૩૯ મંદમતી ગોવીંદને મેવી, કાંહા મેલી કામને કાજ
છલ વછલ નીશ દીન કરે, વઢતો ન આવે વાજ. ૪૦ જગદીશનિ
ઇછા ન જાણે, આણે મન અભીમાન; વીખ્યાને જેમ ભોગ વાહા
લા; ભગતને ભગવાન. ૪૧ ।। ઉથલો ।।
ભગતને ભગવાનરે, મનમાં વાહાલા છે સદા; મોહ માયા લોભ
મેલી, રામ શમરે શરવદા. ૪૨ શંત દેખી કનક કામની, હરખ હા
રે ઉરનો; ૪૩ જેણે ચાખ્યો રામરશ, તેને અવરરશ અલખામણો,
શરશમણી ધરનીશ કરે, ધંધો ધુમ્ર વાદી તણો. ૪૪ સંસારમા આ
સંતના મનમાં વશે વીખપાન; જવર ચડે જારે ઝેર લાગે; મનુશને
મીસ્ટાંન. ૪૫ તેહેવી ભગતી પ્રહુલાદજીની, સસાર કેરૂં સુખ: રા
જનું કારજ કરે, પણ રામ સમરે સુખ ૪૬ તે માટે હાર ભજન
કરતાં. તજો આલસ મંન; મનુષ્ય દેહ તુજને મલી કરો સરવ સા
ધન. ૪૭ પ્રહુલાદ નારદ પરાશર પુંડરીક વેદ વ્યાસ અંબરીષ
સનક મુની, ભીમક પ્રભુના દાશ ૪૮ રાય રૂખમાં ગદ વીભીશણ,
વલી ધન જય ભકત, પ્રગટ થીઆ પ્રથવિ વિખે, જાણે સુરાસુર
જગત, ૪૯ હનુમાન કુપની જુધીસ્ટર, સુદામાદીક સંત, તે નવ મે
લે મુખ થકી, મહિમા ઘણો ભગવંત ૫૦ કલીજુગ વિખે ભગતિ પ્ર-
ભુની થઆ માનવ દેહ, દેવેને દુરલભ થયા; વૈકુંઠ પોહોતા તેહ ૫૧
ભજન કરતાં જન્મનું, જગદીશ ઝાલ બાંહે; ઇંદ્રનો અધીકાર આ-
પે, કોમલ માંહે. ૫૨ તે માટે પ્રહુલાદના, આખ્યાનનો અભ્યાસ;
પ્રાકૃત વાણી મન જાણી, કહે કાલીદાસ ૫૩ શંવત શંખો પુરાહે,
શણગાર એક; ચૈત્ર શુદ્ધ એકાદશી, થયો ગ્રંથ વિસ્ણુ વિવેક. ૫૪
શંપુરણ ગાએ જે શાંભલે, પ્રેહેલાદનું આખ્યાન ચયો, જેજેકારરે
તેની શાર લે ભગવાન. ૫૫ બેહુ કરજોડી કેહે કવી કવીતા તે કા-
લીદાશ; પ્રહુલાદની શુણતાં કથા, પોહોચે તે મનની આશ. ૫૬
।। ઉથલો ।। પોહોચે મનનિ આશરે, પ્રહુલાદને ના-
મે કરી; શરવ શરોતા જનશુણો, એકવાર બોલો જે જે હરી. ૫૭
।। ઈતી શ્રી નરશીંહ ચરીત્ર પ્રહુલાદ આખ્યાન સંપુરણ. ।।

... ... (૨૬) (રવાશંકર	૨	૦—૨
એકાદશી કથા નાની.	—૫	
પ્રલ્હાદ આખ્યાન (પ્રેમાનંદ કૃત.)... ...	૦—૫	
નળાખ્યાન (પ્રેમાનંદ કૃત.)...	૦—૩	
ધ્રુવાખ્યાન.	૦—૩	
ઓખાહરણ નાનું (પ્રેમાનંદ કૃત)... ...	૦—૪	
ચક્રાવો મોટો (વલ્લભ કૃત.)...	૦—૮	
ચક્રાવો નાનો ( )	૦—૩	
ગીરધર કૃત રામાયણ મોટું.	૩—૮	
ગીરધર કૃત રામાયણ વચલા કાગળનું. ...	૧—૦	
ગીરધર કૃત નાની	૦—૬	
રામાશ્વમેધ (ગણપતરામ કૃત.)	૧—૦	
ગીરધરકૃત કૃષ્ણચરીત્ર (ગોકુળલીલા મથુરાલીલા દ્વારકાલીલા, દસમસ્કંધ)	૩—૦	૦—૫
સુરેખા હરણ (વલ્લભ કૃત.) ...	—૮	૦—૧
સિવસાર સંગ્રહ.	૦—૭	૦—૧
મચ્છવેધ (વલ્લભ કૃત.)	૦—૮	૦—૧
પાંડવોની ભાંજગડ.	૦—૧	૦—॥
જાલંધર આખ્યાન (રેવાશંકર કૃત.) ...	૧—૦	૦—૨
અંગદવીષ્ટી.	૦—૩	૦—॥
તુળસીવીવાહ.	૦—૨	૦—॥
લવકુશ આખ્યાન.	૦—૧	૦—॥

સરનામું.

મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર.

ત્રણ દરવાજે—અમદાવાદ.